વિચાર-પુષ્પ-માળા. પુ. ૭

"કુસુમ" અને "કુમુદ."

"કુસુમ" નો અશ્રુપાત—

લેખક, છોટાલાલ રણછોડ દત્તભટ્ટ,
હેડમાસ્ટર, કિન્ડરગાર્ટન સ્કૂલ, અમરેલી.

ગોવર્ધનરામ અને દયારામ ગીડુમલનો પત્રવ્યવહાર—

ભાષાન્તરકાર, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
એમ. એ., એલએલ. બી.,
જડ્જ, સ્મૉલ કૉઝ કોર્ટ, મુંબઈ.

મૂલ્ય, રૂ. ૦-૬-૦,

"કુસુમ" અને "કુમુદ."

"કુસુમ" નો અશ્રુપાત—

લેખક, છોટાલાલ રણછોડ દત્તભટ્ટ,
હેડમાસ્ટર, કિન્ડરગાર્ટન સ્કૂલ, અમરેલી.

ગોવર્ધનરામ અને દયારામ ગીડુમલનો પત્રવ્યવહાર—

ભાષાન્તરકાર, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
એમ. એ., એલએલ. બી.,
જજ્જ, સ્મૉલ કૉઝ કોર્ટ, મુંબઈ.

પ્રકાશક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ., એલએલ. બી., બૅરિસ્ટર-ઍટ-લૉ,
ગિરગામ, મુંબઈ.

ઈ. સ. ૧૯૧૬. વિક્રમ સંવત્ ૧૯૭૨.

આવૃત્તિ પહેલી. પ્રત ૭૫૦

મૂલ્ય, રૂ. ૦-૬-૦.

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એન્જીન પ્રીંટીંગ પ્રેસમાં
પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું. ખપાટીઆ ચકલા સુરત.

પ્રસ્તાવના.

આ પુષ્પ બે વિભાગમાં છે, છતાં બંને લેખોનો વિષય એકજ છે. રા. રા. છોટાલાલ રણછોડ દત્તભટ્ટે પોતાના લેખમાં સ્વર્ગસ્થ ગોવર્ધનરામના સુવિખ્યાત "સરસ્વતીચંદ્ર" સંબંધી કેટલીક ફરિયાદો રસમય રીતે રજુ કરી છે. પરંતુ એવાજ પ્રકારની કેટલીક ફરિયાદ આજથી દશ વર્ષ પહેલાં શ્રીયુત દયારામ ગીડુમલે સ્વર્ગસ્થ ગોવર્ધનરામ પાસે પત્રોદ્વારા રજુ કરી હતી. આ સર્વનો ઉત્તર "સરસ્વતીચંદ્ર"ના લેખકે બહુ માર્મિક રીતે અને નિખાલસ હૃદયથી શ્રીયુત દયારામને લખ્યો હતો. અને એટલું નિઃસંદેહ છે કે જ્યાંસુધી "સરસ્વતીચંદ્ર"-માં ગુર્જર વાચકવર્ગનો રસ છે ત્યાંસુધી એ ઐતિહાસિક પત્રવ્યવહારમાં પણ ગુજર વાચકોનો અને સાહિત્યપ્રેમીઓનો રસ કાયમજ રહેશે. તેથી "કુસુમનો અશ્રુપાત" અને આ પત્ર-વ્યવહાર એક સાથે પ્રકટ થાય તે અસ્થાને નહિ લેખાય એમ હું આશા રાખું છું. સને ૧૯૦૯માં "સમાલોચક"ના જુદા જુદા અંકોમાં આ મૂળ અંગ્રેજી પત્રવ્યવહાર તથા રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના હાથથી થયેલું તેનું ભાષાન્તર પ્રકટ કરવામાં આવેલ. અહિં ફરીથી એકજ પુસ્તકદ્વારા તે પત્રવ્યવહારનું ભાષાન્તર પ્રકટ કરવા દેવાની પરવાનગી આપવા માટે હું "સમાલોચક"ના માલેકો તેમજ રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો ઘણો આભારી છું.

શ્રીયુત દયારામ અથવા શ્રીયુત છોટાલાલનાં દૃષ્ટિબિંદુઓ સાથે "સરસ્વતીચંદ્ર"ના સર્વ વાંચનારાઓ મળતા થાઓ કે ન થાઓ. પરંતુ એ ઉપયોગી અને રસભર વિષયને પાછો નવનવીન સ્વરૂપમાં મુકવાને માટે મ્હારી સાથે વાચકગણ પણ રા. રા. છોટાલાલનો ઉપકાર માનશે એટલી મ્હારી ખાત્રી છે.

મુંબઇ,
તા. ૧, સપ્ટેમ્બર ૧૯૧૬.

ન. ભ. વિભાકર,
પ્રકાશક,
વિચાર-પુષ્પ-માળા.

નિવેદન.

સાતેક વરસ પહેલાં આ લેખ લખાએલો ત્યારે અને આજે પણ ગુજરાતી સાહિત્યના પ્રદેશમાં સાચી વાતોને ત્હેના શુદ્ધ સ્વરૂપમાં મૂકવાનું કામ સહજ અને સરલ નહિ પણ દુર્ઘટ અને કષ્ટસાધ્ય છે. કોઈ એકે સહન કરવું પડે તોપણ સ્પષ્ટતા કરવી જોઇએ એવી અગત્ય તો સુજ્ઞો સ્વીકારે છે; પણ સવાલ અધિકારનો છે, કારણકે ઉત્તમ ઠરેલા ગ્રંથો માટે ઉત્તમ ઠરેલા પ્રસિદ્ધનેજ બોલવાનો હક્ક છે એવી રૂઢિસ્થિત ગેરસમજ હજુ પણ ગુજરાતમાં છે. પણ એ ખુલ્લી વાત છે કે દૃષ્ટિવાળા બધા પ્રસિદ્ધ હોતા નથી, અને બધા પ્રસિદ્ધને દૃષ્ટિ હોતી નથી. અને દૃષ્ટિને ઘણી વખત દેવભય કરતાં વિશ્વભય વધારે લાગે છે એ દુર્ભાગ્યની વાત છે. આ સવાલ મહત્ત્વનો છે. લંબાણુ વિવેચન માટે અહિં સ્થાન નથી. માટે ટુંકામાં એ પ્રશ્નનું સુન્દર સમાધાન * શિક્ષકોની—ભગવદ્ગીતામાં ચૌદમા લૂઈના પુત્ર બુર્ગોનના ડયુકના સમર્થ શિક્ષક ફેન્લોનની કારકીર્દિમાંથી મળી આવે છે તે અહિં રજુ કરવું અનુકૂળ થશે.

" એક વખત ફેન્લોન એ રાજકુમારને કંઈક ઠપકો આપતો હતો તેવામાં રાજપુત્રનો મિજાજ એટલે સુધી ચ[illegible] ગયો કે તેણે કહ્યું, 'હું કોણ છું અને ત્હમે કોણ છો તેની મને બરાબર ખબર છે.' બીજે દિવસે આ અભિમાની શબ્દોના ઉત્તર તરીકેજ ફેન્લોને તેને નિચેની કથા વાંચવા કહેલું:—

વારૂણીનો દેવ બેકસ શુદ્ધ અને સુન્દર વાણી બોલી શકતો નહિ અને વનદેવ ફૉન તેની ટીકા કરે તેથી ખિજવાઈ જતો. એક વખત તેણે ગુસ્સામાં આવી જઇને કહ્યું, 'ત્હમે કોણ કે જ્યુપિટરના પુત્રની મશ્કરી કરો?' ફૉને તપી ગયા વગર ઉત્તર આપ્યો, 'જ્યુપિટરનો પુત્ર કોણ કે તે ભૂલ કરે?' "

તા. ૮-૮-૧૯૧૬.
કિન્ડર ગાર્ટન સ્કૂલ,
અમરેલી.

છોટાલાલ.

---

* કાન્તવિરચિત " શિક્ષણનો ઇતિહાસ "

"કુસુમ"નો અશ્રુપાત.

(લેખકઃ–રા. રા. છોટાલાલ રણછોડ દત્ત ભટ્ટ.)

ઇ૦ સ૦ ૧૯૦૯નો જુલાઈ એ ઘણાં મનોહર સ્વપ્નોનો ઉત્પત્તિમાસ હતો. અતિશય ઉલ્લાસ અને અખંડ આનંદના પ્રવાહો સિંચતી એ વિસ્મયકારક સ્હવારો મ્હારાથી વિસરી શકાતી નથી. ફરી ફરીને કોઈ અજબ જેવી રીતે મારૂં ચિત્ત ત્યાંજ ખેંચાયા કરે છે. પણ એ ગયા દિવસો હાલ તો સદાને માટેજ ગયા છે. પણ એ અદ્‌ભુત દર્શનોની વજ્રછાપ હ્રદયમાંથી લેશ પણ ઝાંખી થઈ નથી. આ સ્વપ્ન એ પણ તે દિવ્ય સ્હવારનો એક પ્રસાદ છે.

રાજાબાઈ ટાવરમાં પાંચના ટકોરા થએલા મ્હને યાદ છે. અને પછી સાત તો દિવાનખાનાના ઘડિઆળમાં જોએલા. માત્ર બેજ કલાકની શું આ લીલા હશે ? સાંકળ ખખડી, સૂર્ય પ્રકાશ લાગ્યો, અને મ્હારી નિદ્રા ઉડી ગઈ–એક અત્યંત મનોવેધક દર્શન લુપ્ત થઇ ગયું અને ઘાટીએ ન્હાનાં વાસણો સાફ કરવા દેવા હાક મારી. બસ, એ ગયું !

એમ થએલું કે રાત્રે પણ બરાબર ઉંઘ આવેલી નહિ. અને સ્હાડાચારે તો તે ઉડી ગઈ. મેં બતી કરી અને સરસ્વતી-ચંદ્રનું પુસ્તક ઉઘાડી હું વાંચવા મંડયો. એમ લાગે છે કે "ઘેલી મ્હારી કુસુમ" હું વાંચતો હતો ધીમે....ધીમે....ધીમે ઝોલાં આવતાં હતાં અને કંઈ કંઈ અસ્ફુટ, અસ્પષ્ટ, વિચારવિમળો ચાલતાં હતાં. ત્યાં માત્ર એકજ આંચકો ! અને ચાલુ પરિસ્થિતિ વિસરાઈ ગઈ; અને મેં નીચે પ્રમાણે જોયું.

સંધ્યાકાળ હતો. ધીર ગંભીર નર્મદાનો જલઘોષ! હરિયાલીપૂર્ણ તેનો પ્રસન્ન કિનારો ! અને એ નિર્જન સ્થલમાં માત્ર હું એક.

મારે શરીરે ભગવી કંથા હતી. અને બાજુમાં કેળના ડુના- માં કોઇ ચીકટ વનસ્પતિનો શ્યામ રસ હતો. મોરપિચ્છની કલમ તે ડુનાપર આડી મૂકેલી હતી. અને તેની નીચે તાડપત્રનો એક જથ્થો હતો. પદાર્થો આથી વધારે ન હતા.

ધીમે....ધીમે....કલ્યાણના સ્વરને છેડતી કોઇ ગીતલહરી કર્ણમાં અમૃત રેડતી હતી, અને રગેરગ કોઈ અજબ સ્ફૂર્તિ રેડતી હતી. શબ્દોમાં કદાપિ વર્ણવી ન શકાય એવા સુખમાં હું મગ્ન હતો અને છતાં આ વિસ્મયકારક પદાર્થો, શાહી, કલમ, તાડપત્ર અહિં શામાટે ? કોણે મુકયાં હશે ? એ વિચાર કરતો હતો ત્યાં કર્ણ ચિરી નાખે તેવા એક જબરદસ્ત અવાજથી અંત- રિક્ષ ખળભળી ઉઠયું, અને પર્વત જેવા પ્રચંડ સુવર્ણ અક્ષરોનું એક પુષ્પગુંફિત બોર્ડ નીચે સરકી આવ્યું. તેમાં એમ લખ્યું હતું કે, " **કલ્પના પ્રદેશ** " !

એ બોર્ડની પાછળ અનંત આકાશથી ઉતરતો અને પૃથ્વી ચીરીને પાતાળમાં જતો, પૂર્વ અને પશ્ચિમને એકરસ સાંધી દેતો, એક પીતવર્ણ પડદો હતો. ધીમે ધીમે એ રંગ પીગળતો જતો હતો. ત્યાં કર્ણેંદ્રિયદ્વારા અંતરમાં અમી રેડતો, લોહીના અણુએ અણુમાં કોઈ અજબ રસાયણ મેળવતો, ઈંદ્રિયોના સર્વ કામાધ્યક્ષોને એક પછી એક મુર્છિત કરી દેતો, સંગીતનો એ સ્વર અચાનક બંધ પડયો અને પડદો વચ્ચેથી ચીરાઇ એક અતિશય ભવ્ય સભાસ્થાન દેખાયું. સૌન્દર્યના એ અપૂર્વ પ્રદર્શન- ને જોવામાં જેમ મ્હને થોડો વખત મળ્યો છે તેમ ત્હેના વર્ણનમાં પણ વધારે સમય વિતાવવાની અગત્ય નથી. રસ- સરોવરના મધ્યમાં વિહાર કરવા નીકળી પડેલા પુષ્પધન્વાની નાવલી જેવાં આસનો ઘેરા આંબવાઈ અને આછા પીળા પોપટી- આ રંગના વેલાઓથી ગુંફિત હતાં, અને પુષ્પોથી લચી પડતી કુંજમાળાથી એ સ્થળ આચ્છાદિત હતું.

ત્યાં એક તેજપૂર્ણ દેવદૂત સામેની કુંજમાંથી તે સભા સ્થાન તરફ આવ્યો. ઘુંટણ સુધી લટકતી તેજસ્વી શ્વેત કફની તેણે પહેરી હતી. સભાસ્થાનના મધ્યમાં આવી ભાર કરતાં અપા-

વરણુ જેવા વાતાવરણુને કેમ જાણે તીરથી વીંધી નાંખતો હોય તેમ તેણે પોતાની પ્રકાશ ઝરતી દૃષ્ટિ અંતરિક્ષમાં ફેંકી કે તુરત વન ગજવતી સિંહસૈન્યની સામટી ગર્જનાના જેવો, ભગીરથની પ્રાર્થનાથી આકાશ ચીરી પૃથ્વીપર પડતા ગંગાના ઘોઘ જેવો, ઇષ્ટદર્શનની અભિલાષાથી ઉછળતાં સ્નેહીનાં હૃદય જેવો, શબ્દમહાસાગર ઉછળતો દેખાયો, અને અંતરિક્ષથી વાહીનિઓનું એક યૂથ છૂટી પડી તે મંડળના મધ્યમાં દેવદૂતના હૃદય પાસે લટકી પડયું. તે ચમકી ઉઠયો અને બોલ્યો-બોલતાં તપાવેલાં ત્રાંબાના જેવાં ત્હેનાં નયન રક્તવર્ણુ થઈ ગયાં, અને મધ્યાન્હના સૂર્યકિરણુની પેઠે તેમાંથી અગ્નિ ઝરવા માંડયો, અને તે બોલ્યો એવા શબ્દો કે જેને ફાટેલા જ્વાળામુખીના લાવારસ સાથે સરખાવતાં પણ કંઈક ખામી રહે છે. એટલા એ બલપૂર્ણુ અને બળના હતા. એ શક્તિ લેખનમાં કયાંથી આવે? એ છતાં કંઈક ઝાંખી તો થશેજ. આમ તે બોલ્યો:—

“ માનવસમાજમાં ઉન્નતિનો સંચાર કરતા, આ રસમહાસાગરની વાહિનીઓનાં મુખ ખુલ્લાં કરી, ગુજરાતપર એ પરમ રસ રેડવા પિતા પ્રભુની આજ્ઞા છતાં, ત્હેનાથી વિફરી આ વાહિનીઓ પર ડુચ્ચા મારી ત્હેને કયા અધમે બંધ કરી છે? દેવી!”

સામેની કુંજમાંથી અવાજ આવ્યો, “નાથ!”

અને વિજળી ઝમકતી, ખરતા તારા જેવી ગતિથી એક દિવ્ય અપ્સરા ત્યાં આવી અને દેવદૂતના ચરણુમાં મસ્તક નમાવી, નયન ઢાળી રહી. તે દેવીને ઉદ્દેશીને એ દેવદૂતે કહ્યું.

“પરમ સાધ્વી કુદરત! હૃદયસ્પર્શી તારથી ખબર આપી, ગુજરાતનાં કલ્પનાપ્રદેશનાં મૂર્ત સ્વરૂપો અને ત્હેના સ્વર્ગસ્થ સાક્ષરોને નિમંત્રણુ કરો”.

દેવી—અને?

દેવ—એ સર્વ સભ્યોની અહિં એક પરિષદ્ ભરો.

દેવી—પછી નાથ?

દેવ—આ રસસાગરની (ક્રોધમાં તેણે ફરી અંતરિક્ષ તરફ દૃષ્ટિ કરી) સંજીવન-સંચારક વાહિનીઓપર જુઓ આવા સખ્ત

ડુચ્ચાઓ મારી, પ્રજાજીવનના વિકાસક્રમનું સત્યાનાશ વાળનાર છૂપા ખૂનીઓને કેદ કરો, અને આવું ઘોર પાપ કરવાનું કારણ ત્હેમની પાસેથી માગી તેઓ જે ખુલાસો કરે તે લઈ મને ન્યાયસભામાં મળો.

દેવી—પણ નાથ, એ કયા મુખબંધ ?

દેવ—આ વાહિની પર અજ્ઞાનતાનો ડુચ્ચો મારી દ્વેષના મીણથી ત્હેને સજડ કરવામાં આવ્યો છે. શ્લાઘા અને મિથ્યાભિમાનના રંગથી રંગીને ત્હેને વહુતો દેખાડવાનો દંભ કરી જમાનાને છેતરવામાં આવે છે. દેવિ ! ઘોરતા તો જુઓ ?

દેવી—નામ ત્હેનું ?

દેવ—વર્તમાનપત્ર.

દેવી—અને તેમાંથીજ એક નાની નળી ફુટે છે ત્હેનું નામ !

દેવ—માસિક.

દેવી—અને આ ડુચ્ચો વળી ?

દેવ—નવલકથાસાહિત્ય !

દેવી—અને તે ?

દેવ—નાટક સાહિત્ય.

દેવી—અને પેલો ?

દેવ—કાવ્ય સાહિત્ય. દેવિ ! એવી તો અનેક વાહિનીઓ છે અને તે હું ત્હમને સવિસ્તર બતાવીશ. હાલ વિલંબ હાનિકારક છે.

એટલું કહી જે કુંજમાંથી તે આવેલ, એજ કુંજમાં અદૃશ્ય થયો, અને તે દેવીએ પોતાની મૃદુ આંખડી અંતરિક્ષ સામે ધરી અત્યંત શાંત અવાજે આ પ્રમાણે બોલવું શરૂ કીધું:—

" વાતાવરણના અસરપૂર્ણ અણુઓ ! હું ત્હમને આજ્ઞા કરૂં છું કે આ સભાસ્થાનની ભૂમિમાં પ્રવેશ કરતા હરેક આત્માના ચરણો દ્વારા ત્હમે ત્હેના સૂક્ષ્મ દેહમાં પ્રવેશો અને ભીરુતા, કીર્તિલોભ કે રૂઢિ દાસત્વથી, બંધ રહેલાં સર્વ મુખને ફરજીઆત ઉઘાડો અને આત્માના શુદ્ધ અવાજોને પ્રકટ કરો ! "

આ પ્રમાણે આજ્ઞા કરી એ દેવી તે સભાસ્થાનના સિંહાસન પાસે અદૃશ્ય થઈ અને ફરીથી તે વાતાવરણમાં ખળભળાટ થવા માંડયો. અને પરિમલથી મ્હેકતા એ રમ્ય ભુવનની કુંજોમાંથી ધીમે ધીમે યુગલો નિકળતાં દેખાવા માંડયાં. દરેક યુગલ કંઈક વાર્તાલાપ કરતું હતું એ તો ચોકસ. એક પછી એક અનેક ટોળાંઓ પ્રવેશ કરવા માંડયાં. કેટલાંક તો તદ્દન ઓળખાયાંજ નહિ, તેમ સાંભળવાની લગનીને લીધે વધારે તસ્દી પણ લીધી નહિ. જુદાં જુદાં યુગલોનાં મુખમાંથી ઝરતું એ શુદ્ધ સત્ય પેલા તાડ પત્ર પર ઉતારી લીધા વિના મ્હારાથી રહી શકાયું નહિ. એટલે મેં લખવા માંડયું, પણ જેમ જેમ લખતો ગયો તેમ તેમ પેલો બહુ--વ્યાપક ભય મ્હને મુંઝવવા માંડયો. પણ દેવદૂતે દૂરથી આજ્ઞા કરી કે–'લખ અને વજ્રપાતને માટે તારી છાતી ખુલ્લી રાખ.' આ આજ્ઞા હું ઉથાપી શકયો નહિ, અને ત્હેના એ શબ્દના બળે ક્ષય રોગના જેવી વિનાશક નબળાઇ કોણ જાણે કયાંયે ઉડી ગઇ અને મેં નીચે પ્રમાણે તે વાતો શબ્દે શબ્દ ઉતારી લીધી. અશ્રુપલ્લવની કુંજમાંથી પસાર થઈ પુષ્પાસન પર બેસતા કલાપીને સંબોધીને તે સફેદવસ્ત્રધારી તદ્દન જીર્ણ થઇ ગએલા દેહવાળી કુસુમે કહ્યું,

કુસુમ—કયાં છે મ્હારા પિતા ?

કલાપી—જુઓ આ તે.

લોકપ્રિય ત્રિપાઠીને બતાવી કલાપીએ કહ્યું એટલે શબ્દ સાંભળી નજીક આવતાં કુસુમને જોઇ, હર્ષઝળકતા સાક્ષર ગોવર્ધનરામજી બોલ્યાઃ—

ગોવર્ધનરામ—કુસુમ ?

કુસુમ—જી હા, પ્રણામ કરૂં છું પિતાજી !

ત્રિપાઠી—તું કુશળ તો છો ને બચ્ચા ?

કુસુમ—એ પ્રશ્ન પૂછવાનો શ્રમ સહન કરવાનું આપને કંઈજ પ્રયોજન નથી, મ્હારા વડિલ !

ત્રિપાઠી—પ્રયોજન નથી ? એમ કેમ ? શું હું ત્હારો પિતા નથી ?

કુસુમ—પિતા અને પુત્રી, એટલા શબ્દોચ્ચાર માત્રથીજ જો કર્તવ્યની કૃતાર્થતા થતી હોય તો અલબત્ત આપને ઇ. સ. ૧૮૭૬ના ૨૫ મા ઍકટ પ્રમાણે સર્વ હક્ક સ્વાધીન છે. પણ હું નથી માનતી કે આપ જેવા સમર્થ વિદ્વાન્ અને ગુજરાત જેને ‘સાક્ષરશિરોમણિ’ માને છે તે આપ પિતા, એ પૂજ્ય નામનો આવો છેકજ સાંકડો અર્થ કરો !

બાલાશંકર—અલબત્ત, નહિજ તો.

ત્રિપાઠી—પણ તું કહેવા શું માગે છે? એ સ્પષ્ટ થવાની જરૂર છે.

કુસુમ—આ પ્રદેશ કે જ્યાં અંતર્યામીને આચ્છાદન કરનારી દેહ જેવી કશી ઉપાધિ માનવ આત્માને હોતી નથી, અને જ્યાં અતિશય સરળતાથી એકબીજાના વિચારો વાંચી શકાય છે, ત્યાં આથી વધારે સ્પષ્ટતાની ભાગ્યેજ અગત્ય છે.

ત્રિપાઠી—એટલે એમ કે ત્હારા પિતા તરીકે મ્હને સ્વીકારવા તું તૈયાર નથી એમજને ?

કુસુમ—અરેરે ! એટલી બધી કૃતઘ્નતા તો મ્હારાથી કરી શકાતી નથી. કલ્પનાપ્રદેશની સુરમ્ય સૃષ્ટિમાં જન્મ આપી, ન્હાનાં પ્રકારનાં વત્સલ કર્મથી મ્હારાં લાડ પૂર્ણ કરી, મનુષ્યત્વને છાજતી રીતે મ્હને સ્વતંત્રતાના વાતાવરણમાં ઉછેરી, મ્હારા પ્રાણકુસુમને ખીલવી, યૌવનના મદભર ઉત્સાહમાં ખેલવનાર પિતાજી ! આપ મ્હારા એ રીતે તો પિતાજ છો. અને હું આપની આભારી પુત્રી છું. પરંતુ મ્હને ભય છે કે આવા અનુપમ શ્રમના બદલામાં પુણ્ય પામવાને બદલે કદાચ આપ પ્રાયશ્ચિત્તજ પામો.

ત્રિપાઠી—કારણ ?

કુસુમ—સ્પષ્ટ છે કે આપે મ્હને-મ્હને-ઓ દયાળુ પિતા ! મ્હને આપની રાંક પુત્રીને-કંગાલ કુસુમને-અજાયબ રીતે છેતરી !

ત્રિપાઠી--છેતરી બેટા ?

કુસુમ—અલબત્ત પિતાજી. આપે છેતરીજ, અને જાણે

કશું ન જાણુતા હો તેવો ડોળ બતાવીને અત્યારે આ વાર્તાલાપમાં પણ છેતરો છો ! ઓ પ્રભુ !

ત્રિપાઠી—હું નથી સમજી શકતો કે કઇ અવર્ણ્ય પીડામાં, મ્હારા સુકોમલ પુષ્પ, તું પીડાય છે અને મ્હને છૂપા શાપ દે છે ?

કુસુમ—દેવો જાણે છે પિતાજી ! હું શું કહું ? મ્હારી જીભ નથી ઉપડતી !

બાલાશંકર—એ ખોટું. વ્યવહારની જે લજ્જા પૃથ્વીપર સ્ત્રીજાતિના દેહે શૃંગારરૂપ બની રહે છે તે લજ્જા સ્વર્ગમાં સત્યને આચ્છાદન કરનારી હોવાથી અંધકાર ગણાય છે. બ્હેન ! દેહના ધર્મ દેહ સાથે ગયા ! અહિં તો અસ્પષ્ટ વાણી એ પણ અપાત્રતા છે.

કુસુમ—હું શું કહું ? રે પ્રભુ ! હું શું કહું ?

ધ્રુવ—બ્હેન, ત્હમારો પેલો વ્રજભાષાનો દુહોજ કહો એટલે ત્હમારા મર્મજ્ઞ પિતાજી સર્વ સમજી જશે.

કુસુમ—જલ બઢતે પંકજ બઢે, નિશદિન બઢતે જાય,
ગ્રીષ્મ તપે, જબ જલ ઘટે, તબ જલત જલત પછતાય.

ત્રિપાઠી—સ્હમજાય છે. પણ કંઇક અશુદ્ધ છે ખરૂં, ધ્રુવજી ?

બાલાશંકર—સવાલ ભાષા શુદ્ધિનો નહિ પણ અર્થ શુદ્ધિનો છે; કેમ ધ્રુવજી ?

ધ્રુવ—હાજી !

ત્રિપાઠી—કુસુમ એ દુહાથી શું કહેવા માગે છે તે આપ જાણુતા હો એમ મ્હને લાગે છે. કહેશો ?

ધ્રુવજી—હકીકત એમ છે કે ઝરાઓના સ્વચ્છ અને પ્રસન્ન પ્રવાહથી વધતાં જતાં સરોવરોનાં જલોને જોઈને, વર્તમાન સ્થિતિમાંજ સંતોષ માની, ભૂલથી ભવિષ્યને પણ તેવુંજ માની લઇને, શુભાશામાં, સરોવરની મધ્યમાં ઉગેલાં કમળો પાણીના ભરાવાની સાથેજ વૃદ્ધિ પામતાં જાય છે અને સ્પર્ધામાં સર્વથા જલની સપાટી ઉપરજ રહે છે, પરંતુ ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપની શરૂઆત થતાંજ જ્યારે સરોવરનાં જલો સૂકાઈને ઘટવા માંડે છે ત્યારે બિચારાં કમળોથી ઘટી શકાતું નથી. વધ્યા પછી ઘટવાની કલ્પના પણ એ કુદરતનાં બાળકોને ન હોવાથી સરોવર સૂકાઈ

જતાં સુધી એ પશ્ચાત્તાપની આગમાં જળી જળીને અંતે રાખ થઈ જાય છે. એ આનો ભાવાર્થ છે.

કુસુમ—એજ, એજ રીતે પિતાજી મ્હારા જીવનપ્રદેશની પ્રથમ શ્રેણે* અવસ્થા સુધી આપે મ્હારા સ્વાતંત્ર્યને, આત્મધર્મને, ઉન્નત હૃદયને છાજતાં ભરપૂર સરોવરોમાં મ્હને ખેલતી રાખી; અને મેં જાણ્યું કે ચપલ મુગ્ધાવસ્થા પછી, પુણ્યસાધન યુવાવસ્થામાં આવીને સંસારને આંગણે પગ માંડતાં પહેલાં આપ મ્હારે માટે મ્હારે યોગ્ય પ્રદેશ નિર્મશો. માત્ર મેંજ જાણ્યું એમ નહિ પણ સમગ્ર ગુજરાતના સર્વ રાજહંસ આત્માઓએ પણ એમજ ધાર્યું. હર્ષમાં, ઉલ્લાસમાં, ઉત્સાહમાં, તેજસ્વી આશામાં અમારાં અંતઃકરણો ભરપૂર હતાં. ત્યાં ગ્રીષ્મના ભયંકર તાપ જેવી, આંખને આંજી નાંખનારી, મોહમુગ્ધને લુબ્ધ બનાવી દેનારી, દિવ્યાંગનાનો સ્વાંગ ધરવાવાળી, પેલી ક્રૂર રાક્ષસી કીર્તિના પ્રેમમાં પડી, ત્હમે-ઓ સાક્ષર પિતા ત્હમે!-બોલતાં જીભ તૂટી પડે છે પણ ત્હમે! અવશ્ય પાપ કર્યું! અને આપની એ પત્નીથી ઉત્પન્ન થએલી નવી સંતતિના પ્યારમાં અમને-ગરીબ અને રંક કુમુદ-કુસુમને-સદાને માટે રઝળતાં મૂકયાં. અરે! રખડતાં પણ જો સ્વતંત્ર મૂકયાં હોત તો તો કશીજ ચિન્તા નહોતી. કારણકે જેનું કોઈ નથી ત્હેનો જે છે તે પરમેશ્વર અમારૂં રક્ષણ કરત! પણ આપે તો પિતાજી! અમારા ઉપરનો કબજો પણ છોડયો નહિ, અને કબજે રાખી દગો કર્યો!

ત્રિપાઠી—દગો?

ધ્રુવ—કુસુમ! ત્હારા જેવી સુશીલ પુત્રીના મુખમાં ન શોભે એવા શબ્દોથી બધાંને વ્યથા થાય છે.

લીલાવતી—અલબત્ત, બ્હેનના હમેશના સ્વભાવથી આ વાત જુદી પડે છે.

બાલાશંકર—પણ સત્યથી જુદી પડતી નથી.

નવલરામ—એ પ્રભાવ આ પ્રદેશનો છે.

---

* સરસ્વતીચંદ્ર ભાગ ૧-૨-૩.

જંડુ ભટ્ટ—સખ્તાઈથી બાંધેલા આસવના સીસાના બૂચ વધારે ગરમી લાગતાં સહસા સીસાને તોડી નાખે છે, અને અવશ્ય એવે વખતે કંઈ ગંભીર અકસ્માત્ થાય છે. મ્હને લાગે છે કે બ્હેન કુસુમને અતિશય ચૂપ રહેવું પડયું છે ત્હેના નૈસર્ગિક સમરૂપે આ પ્રદેશની ગરમીથી કુદરતી રીતે તેના હૃદયનો જવાળામુખી ફાટી નીકળ્યો છે.

ત્રિપાઠી—મ્હને લાગે છે કે એ માત્ર બકે છે. કંઈક બિમાર હોવી જોઇએ.

ધ્રુવજી—કુસુમ ! તું ઉશ્કેરા નહિ, બ્હેન ! એવા કડવા શબ્દો પિતાજીને ન કહેવાય.

કુસુમ—શા માટે ન કહેવાય ? જે ઝેરને જીરવી જીરવીને મ્હારા જેવી અનેક અબળાઓનો હૃદયદ્રાવક રીતે અંત આવ્યો છે તેજ ઝેરને જીરવવાનું મ્હારાથી બની શકતું નથી. અને કોઈ એવી કારમી અસર મને અત્યારે થાય છે કે બોલ્યા સિવાય મ્હારાથી રહેવાતું નથી. છતાં મ્હને બરાબર ખ્યાલ છે કે હું માત્ર સત્યજ કહું છું અને તમને પ્રિય લાગે અથવા ન લાગે પણ તે પ્રભુને પ્રિય તો છેજ !

ત્રિપાઠી—છોકરી ! છોકરી !

કુસુમ—જવાબ દો પિતાજી ! ખુલાસો કરો કે શા માટે ભોજનમાં મ્હને ભાંગ પીવરાવીને, મ્હારા સ્વભાવથી–અંતઃકરણથી વિરૂદ્ધ શબ્દો બોલાવીને, એ પ્રમત્ત દશામાંજ મ્હને પીગળાવીને, પેલા વૃદ્ધ, નિઃસ્નેહ, અદીર્ઘદર્શી, સરસ્વતીચંદ્ર સાથે પરણાવી દીધી ? જવાબ દો, બોલો !

ત્રિપાઠી—શું તું સરસ્વતીચંદ્રને ચાહતી નહોતી ?

કુસુમ—ચાહતી હતી એટલુંજ નહિ પણ પૂજતી હતી. કારણ કે એ મ્હારા જ્યેષ્ઠ કુમુદબ્હેનના ખરા સ્વામી હતા, બુદ્ધિશાળી હતા, વિચારક હતા, અરે ! જો કે નિષ્ફળ વિચારક અને અનુદાર હતા–રે હતા, શા માટે અત્યારે જે છે. જુઓ સામે પેલા સજલ નયનોથી આપણને જોઈ રહ્યા છે ત્હેમને એ રીતે

તો હું ચાહતી હતીજ. પણ પિતાજી! મ્હારા સ્વામી તરીકે તો મેં ત્હેમને કદી ચાહેલ નથી, ચાહી શકતી નથી, ચાહી શકું નહિ.

ત્રિપાઠી—અરે....રેરે! આ તું શું બકે છે? શું તું આર્યધર્મ તજીશ?

કુસુમ—ના આર્યધર્મ પાળીશ. પણ આપની સલાહ મુજબ વૃદ્ધ સરસ્વતીચંદ્ર સાથે વ્યભિચાર તો નહિજ કરૂં, તેમજ કંગાલ કુમુદબ્હેનની માફક સ્વપ્નમાં છૂપી ચોરીથી સરસ્વતીચંદ્રને મળી જાહેરમાં તાપસી દેખાવાનો ઢોંગ પણ નહિ કરૂં. ગ્રીષ્મઋતુના કમળની માફક નિરંતર પ્રજ્વળતી રહીશ, અને આપની બુદ્ધિને વિભ્રમિત કરનાર દુષ્ટ કીર્તિ, મોહિની, કે જેને આપ પરણેલા હોવાથી હવેથી જે મારી માતા ઠરે છે, ત્હેના ઉપર ઊનાં આંસુઓથી અભિષેક કરીશ, અને એ તપથી નિપજતા પુણ્ય ભોજનથી નૂતન ગુજરાતમાં નવલ બાળકોને જીવાડીશ.

ત્રિપાઠી—સબૂર! સબૂર! કીર્તિ સાથેના મ્હારા સંબંધને તું વ્યભિચાર શા આધારે કહે છે?

કુસુમ—શા આધારે કહું છું? વળી એમ વડિલ? આપ તો ઇતિહાસના પણ અભ્યાસક છો એટલે જોઈ શક્યા હશો કે દરેક સમર્થ પુરૂષો કીર્તિકુલની કન્યાઓનેજ પોતાના લગ્ન માટે પસંદ કરે છે-અને અલબત્ત એ કુળની કન્યાઓથી પ્રસવતી સંતતિ બળવાન ને સ્વમાનવાળી હોય છે. પરંતુ હરેક સમર્થ પુરૂષોનાં આંતર જીવનનો ઇતિહાસ તપાસતાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે કીર્તિકુલની કન્યાઓ પોતેજ સ્વામીને પસંદ કરે છે અને પ્યારના શુદ્ધ ખેંચાણમાં ગોપિઓની માફક જ્યારે તેઓ પ્રિયજન વિરહે જીવીજ શકતી નથી એમ ત્હેના પ્રિયજન પેલા સમર્થ પુરૂષોને જણાય છે ત્યારેજ તેઓ ત્હેનો અંગીકાર કરે છે. અને એવાં લગ્નથી ઉત્પન્ન થએલી પ્રજાજ દેશની સારી સેવા બજાવી શકે છે. આપે ભલે કીત મોહિની સાથે લગ્ન કર્યાં, પણ એ લગ્ન વેળા મ્હારા સાક્ષર પિતાજી!

આપે એવો ભય નહોતો રાખવો જોઇતો કે-કુસુમ-કુમુદને ત્હેના ચોગ્ય પતિ સાથે પરણાવતાં કીર્તિ કન્યાનાં પિયર (સામાન્ય પ્રજા) આપને તે કન્યા નહિ પરણાવે, કારણકે એ આપનાં નવાં સાસરીઆંની તો કુલપરંપરાની રીત છે કે કોઈપણ સાચા માણસને ત્હેની હયાતીમાં જમાઇ કરવોજ નહિ. પણ તે જ્યારે પ્રાચીન રજપૂત રિવાજ મુજબ ખાંડું લઈ કન્યાને પિયર (વિદેહ) પધારે ત્યારેજ કન્યા આપવી. આ બીનાથી-તેઓની આ પ્રતીજ્ઞાથી આપ અજાણ તો નહોતાજ, છતાં કોણ જાણે કયા ભ્રમમાં આપે હયાતીમાં કીર્તિદેવીથી દાંપત્ય કરી અમારા જીવનમાં ઝેર રેડયું! પણ એ શાપનું પરિણામ આપ જુઓ છો તેમ પ્રત્યક્ષ છે.

ધ્રુવજી—કયું બ્હેન ?

કુસુમ—તે સ્ત્રીથી મ્હારા પિતાને કોઈપણ અમરસંતાન સાંપડયું નથી. સાહિત્યના પ્રદેશમાં થએલું એ મનોહર પાપ ગુજરાતનાં બાલકોની આંખને અંધારી દે છે, અને એ અંધકારને પ્રતાપે સીધી સડકપર મુસાફરી નહિ કરતાં દેશનાં *નવલ કુસુમોમાંનાં ઘણાં ખીણોવાળા માર્ગ શોધે છે અને પ્રકાશને અભાવે કોઈક ખાડામાં, તો કોઈક ગર્તમાં, પડે છે. આવું નહોતું કરવું પિતાજી!

ત્રિપાઠી—પુત્રી! મ્હારા વિચારો અને દીર્ઘદર્શિત્વ ઉપર આવાં અણઘટતા હુમલાઓ કરી તું પુત્રી ધર્મ ચૂકે છે. ત્હારા અને કુમુદ બ્હેનના શ્રેય માટે જે માર્ગ મ્હને સર્વથી સારો અને વિઘ્ન રહિત લાગ્યો તે મેં સ્વીકાર્યો. મ્હારા અંતરનો ઉંડામાં ઉંડો હેતુ ત્હમારા હિત સિવાય કશો નહોતો.

તરંગશંકર—અફસોસજ એ છે કે બધા સારા માર્ગો વિઘ્નરહિત હોતા નથી. અને માટેજ—

કુસુમ—ઠેરો! ઠેરો! બાપુજી! કહો. અમારા સૃજનમાં આપનો હેતુ શો હતો?

ત્રિપાઠી—ગુજરાતને આદર્શ કુમારિકા અને પત્ની આપવાનો.

* નવા લેખકો.

કુસુમ—અસ્તુ ! અહિંજ મ્હારી જ્વાલાઓ–અને હૃદયમંથનનો નિષ્કર્ષ વસે છે. પિતાજી ! કલ્પનાના સૃજનનું કોઈપણ પાત્ર જ્યારે અમુક પ્રજાનું આદર્શ ઠરે છે ત્યારે તે પ્રજાના સામાજિક વિકાસક્રમની મર્યાદાને તે અમુક હદ સુધી નિર્ણિત કરે છે, અને એ નિર્ણિત થએલી મર્યાદાજ જો નૈસર્ગિક વિકાસના પ્રવાહને મલિન કરે એવા એક પણ તત્ત્વવાળી હોય તો સમગ્ર પ્રજાજીવનમાં તે સડો ઉત્પન્ન કરે છે. અને એ રીતે સ્વર્ગને નિમંત્રણ કરતાં રૈરવ નર્ક છૂપાઈને ધસી આવે છે. એ પાપનો ભાર કોને શિર રહેશે ? બોલો, બોલોને ?

ત્રિપાઠી—કબૂલજ કરવાં પડે એવાં ભવ્ય સત્ય તું રજુ કરે છે. મ્હને હવે સ્હમજાય છે કે તારો આ ઉભરો માત્ર આવેશ નથી. દીકરી !...........વ્હાલી !—ખરૂં ! હા ! એ ખરૂંજ છે કે ત્હને પરણાવતાં પહેલાંના બધાં વર્ષોમાં મેં ત્હને સરસ્વતીચંદ્ર સાથે પરણાવવા કદિ સંકલ્પ કર્યો નથી. એ કુમુદબ્હેનનોજ ખરો સ્વામી છે અને........મને ક્ષમા કર બેટા ! કીર્તિએજ દુરાગ્રહથી મ્હારી કલમ પકડી ત્હારા ચિત્રને બેડોળ બનાવી દીધું નહોત તો તું જુદી—અને જુદાની હોત........શ્વાસ રૂંધાય છે મ્હારો................ઓ............પ્રભુ !

કુસુમ—નહિ ! ગભરાઓ નહિ પિતાજી ! સ્વસ્થ થાઓ. આપના ચિત્તને વ્યથા કરાવવા મ્હારો ઈરાદો નથી. અને સમગ્ર ગુજરાત પણ બહુજ સારી રીતે સમજે છે કે આપનાં સંતાનોની બાજુમાં મૂકાય તેવાં બીજાં સંતાનો ગુજરાતમાં નવલસાહિત્યના કલ્પનાપ્રદેશને છેક હજુ સુધી મળ્યાં નથી. એ આપનો અપૂર્વ અને અપ્રિતમ વિજય છે કે જે સર્વોત્તમ આશયોથી સંપૂર્ણ પ્રેરાયલો હોત તો વિશ્વનો ભયજ ન રહેત. જો, એમ નયન ભીનાં ન કરો બાપુ ! મ્હને ક્ષમા કરો ! અને આ બાજુ જુઓ ! આ બાલક આપને પ્રણામ કરે છે.

ત્રિપાઠી—કોણ એ ?

કુસુમ—કુમુદનો પુત્ર સદયકાન્ત !

ત્રિપાઠીજી—કુમુદ પરણી ?

કલાપી—જી હા. સરસ્વતીચંદ્રને સમજાયું કે ભરતખંડમાં સવાલ માત્ર પાતિવ્રત્યનો નહિ પણ પત્નીવ્રતનો પણ છે.

ત્રિપાઠી—શું લગ્ન પણ થઈ ચૂક્યાં ?

કુસુમ—જી હા ! હૃદયથી જેને કુદરતે પરણાવી હતી ત્હેને દેહથી સ્વર્ગે સરસ્વતીચંદ્ર સાથે જોડી ! આપની આશિષ્ હો ! પિતાજી !

ત્રિપાઠીજી—કલ્યાણમસ્તુ !

અત્યંત વંદનીય ત્રિપાઠીજીનાં એ આશીર્વચન સાથે અનેકવિધ પુષ્પવૃષ્ટિથી તે સભાસ્થાન ખળભળી રહ્યું. મનોહર વાદ્યોથી કર્ણમાં સુધા સિંચાવા માંડી અને એક નવયૌવન દેવે આવી કુસુમના કંઠમાં માળા આપી–પણ એ કોણ ? એ સ્હમજાય ત્યાર પહેલાં અફ્સોસ ! કોઇ નિર્દયે આવી સાંકળ ખખડાવી અને સ્વપ્ન લુપ્ત થયું ! “ **મનકી મનમેં રહે ગઈ!** ”

ગોવર્ધનરામ અને દયારામ ગીડુમલનો

પત્રવ્યવહાર.

[અંગ્રેજીમાંથી ભાષાન્તર કરનાર—રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.]

(૧)

સ્નેહી ભાઈ ગોવર્ધનરામ,

મ્હારાપર સરસ્વતીચંદ્ર વગેરે પુસ્તકો મોકલ્યાં તે બહુ મેહેરબાની થઈ. મને ખાત્રી છે કે તે વાંચવાથી મને ઘણો આનંદ મળશે.

લે. તમારો સ્નેહી,
દયારામ ગીડુમલ.

---

(૨)

સ્નેહી ભાઈ ગોવર્ધનરામ,

ગઈ કાલથી તમારો સરસ્વતીચંદ્ર ભાગ ૪ થો મ્હેં વાંચવા માંડયો છે. મી. નાનજીઆણીના "નણંદ કે બ્હેન" [1] પુસ્તકમાં એ વિષે થોડી ટીકા છે. તમારી કૃતિ માટે તમારાં મારે વખાણ જ કરવાનાં છે. પણ મારો અભિપ્રાય એવો છે કે સરસ્વતીચંદ્રને કુસુમ જોડે પરણવાની (પરણાવવાની) બિલકુલ જરૂર નહતી. કુમુદના સંબંધમાં તમારી વ્હાલી મર્હૂમ પુત્રી [લીલાવતી] ની જે લાગણી હતી તેજ મારી લાગણી છે, [2] કુમુદને સરસ્વતીચંદ્ર જોડે પરણાવી નહી તે તમે ઠીક કર્યું. કારણ જો પરણાવી હોત તો એનાં માબાપનું મન દુખાત, તેમજ વખતે એને પોતાને પણ દુઃખ થાત અને એના પતિને પણ લાગી આવત. પણ કુસુમને

---

૧. પૃષ્ટ ૬૧. નાનજીઆણીએ ભાષા ઘણી કઠણ ગણી છે, પરિણામ તરફ સંતોષ બતાવ્યો છે, વિસ્તીર્ણ વર્ણન નાપસંદ કર્યાં છે, અને વચમાં વચમાં આવતાં અંગ્રેજી વાકયોવાળી શૈલી વખોડી કાઢી છે.

૨. લીલાવતી જીવનકલા, પૃષ્ટ ૭૯ તથા ૮૧. કુમુદનું પુનર્લગ્ન ન થવા દેવું એ લીલાવતીની એક પ્રાર્થના હતી તથા બીજી ત્હેને એવી આશા હતી કે કુમુદ પ્રમાદધનને સુધારશે. કેટલાંક કારણોસર રા. ગોવર્ધનરામને એ વિચાર પડતો મૂકવો પડેલો.

તો કુંવારી જીંદગી જ ગાળવી હતી, અને મને લાગે છે કે એની જોડે લગ્ન કર્યા સિવાય પણ સરસ્વતીચંદ્ર પોતાનું કલ્યાણગ્રામ સ્થાપી શકત. શું કુમુદ ને કુસુમે પોતાની બાકીની જીંદગી સાધ્વીઓ તરીકે ગાળી હોત તો બહેતર થાત નહી ? એ રસ્તે તેઓ સરસ્વતીચંદ્રને મદદ કરી શકત. સ્ત્રીઓને માટે આશ્રમ અથવા શાળા (કૉલેજ) કાઢી, અવિવાહીત સ્ત્રીઓ પોતાના દેશને કેવી આશીર્વાદરૂપ થઈ પડે છે, તેનું દૃષ્ટાંત તેઓ આપી શકત. આ વિચાર તમને આવ્યો હશે, છતાં તે દૂર રાખી, જાણીજોઈને સરસ્વતીચંદ્ર પાસે એના સૂક્ષ્મ શરીર સંબંધે તમે એને બે સ્ત્રી જોડે લગ્ન કરવાની દશા શા માટે આણી હશે ? જો એણે પોતાનું હૃદય કુમુદને અર્પણ કરેલું હતું તો પછી ખરી રીતે એ કુસુમને તે કેમ આપી શકે ? કુમુદની ચઢતી તે એની પડતી કહેવાય. મને એમ લાગે છે કે તમે સરસ્વતીચંદ્ર તરફ ઘણી નિર્દયતા બતાવી છે.

લે. તમારો સ્નેહી,

દયારામ ગીદુમલ.

---

(૩)

નડીઆદ,

તા. ૧૩–૩–૧૯૦૬.

સ્નેહી મી. દયારામ,

મારી ચોપડીઓ વાંચતાં રસિક લાગે તેવી તમને જણાઈ છે તે જાણી હું ખુશ થયો છું. મી. નાનજીઆણીના પુસ્તકમાં જે ટીકા આવી છે તેની મને ખબર છે, અને તે વિષે મારે તેમની જોડે તેમના કહેવાથી કેટલોક પત્રવ્યવહાર પણ ચાલેલો.

જ્યારે મેં આ વાર્તાનો પહેલો ભાગ પ્રસિદ્ધ કર્યો ત્યારે ગુજરાતી વાંચકવર્ગ બહુ પછાત હતો, અને તેથી મ્હારા વિચાર પ્રસિદ્ધ કરવા મને ફક્ત એક જ રસ્તો સૂઝયો કે તે વિચારો એક વાર્તાના રૂપમાં, દરેક પાછળનો ભાગ આગળના કરતાં ઓછો સરળ, એવા જુદા જુદા ભાગ પાડી વાચક સમક્ષ મૂકવા,

કે જેથી તેઓ મુશ્કેલીમાં વધતો જતો દરેક પાછલો ભાગ, તેના આગળના ભાગના કુદરતી પરિણામ તરીકે સ્વીકારતા જાય* મને લાગે છે કે જેમ જેમ દરેક ભાગ બહાર પડતો ગયો તેમ તેમ ઇશ્વર એ વાચકવર્ગમાં ઉચ્ચ ભાવ મૂકતો ગયો, અને હવે ગુજરાતમાં સાધારણ સ્ત્રીપુરૂષો પણ મારૂં પુસ્તક ચોથા ભાગ સુદ્ધાં મ્હોટા રસથી વાંચી જાય છે. મ્હારા વાચકવર્ગના વિચાર અને ભાવનાઓમાં ઘણો મ્હોટો ફેરફાર થઈ ગયો છે, અને નવા લેખકો મારાં પુસ્તકોનું અનુકરણ કરે છે, એટલું જ નહી પરંતુ તેમાંથી ચોરી પણ કરે છે. આ પરિણામની મ્હેં સ્વપ્ને પણ આશા રાખેલી નહી. પરંતુ આ ધાટીપર મ્હેં પુસ્તક લખ્યું તેથી મારે જાણી જોઈને રસશાસ્ત્ર તથા કલાવિધાન એ બન્ને વિષયોનો ભોગ આપવો પડયો છે અને તેથી જેઓ એમ કહે છે કે આ પુસ્તક ખરેખરૂં વાર્ત્તાનું પુસ્તક નથી તેમના અભિપ્રાયની સામે હું થતો નથી.

એ વાર્તાના નાયક, કુસુમ અને કુમુદને સંબંધે છેવટની જે વ્યવસ્થા કરવામાં આવી છે, તેનો ખુલાસો ઉપરનાં લખાણનાં છેલ્લાં વાકયોથી થયો હશે, તેમ જ જુદા જુદા ભાગની માનસિક રચનાના વ્યાપારમાં જે ખીલવણી થતી ગઈ છે તેથી પણ એ ખુલાસો થશે. બીજા ભાગમાં કુમુદસુંદરી દેખાવ દે છે ત્યારથી જ સરસ્વતીચંદ્ર માટે તેનો પક્ષપાત જેનું તેને પોતાને ભાન નથી તેવી રીતનો પણ ખુલ્લે ખુલ્લો દેખાઈ આવે તેવો બતાવવા મ્હેં પ્રયત્ન કર્યો છે. પોતે જે મુશ્કેલીમાં આવી પડ્યાં છે તેમાંથી નીકળવાનો સૌથી સુતરો માર્ગ તેની મા તથા કાકીને એવો સૂઝે છે કે એનું સરસ્વતીચંદ્ર જોડે લગ્ન કરી દેવું. કુમુદ-

---

* કેટલીએક વખત આ સંબંધી મારે રા. ગોવર્ધનરામ જોડે વાત થયેલી, તે વખતે તેઓ પોતાનો આશય એવો જણાવતા હતા કે એ પ્રમાણે ક્રમવાર (એક ભાગથી બીજો જરા વધારે મુશ્કેલ) વિભાગ પાડી ગુજરાતી વાચકવર્ગની કેળવણી ઉત્તરોત્તર ખીલવતા જવી અને તેમનામાં ઉચ્ચ ભાવના પેદા કરી, તેને પોષતા જવી અને પોતાનો એ આશય પાર પડ્યો છે એવો એમને છેવટ સંતોષ થએલો.

સુંદરી ઘણા આગ્રહથી તેમના એ ઈરાદાઓની સામે થાય છે અને કુમારી જીંદગી જ ભોગવવા મરજી બતાવે છે—આ વિચાર ઉમ્મરે પહોંચેલી એ બાઇઓને હિંદુસંસારની રીતભાતને તદન અજુગતો લાગવાથી તેઓ કમકમી ઉઠે છે, બીજા હાથપર આ વાર્ત્તાના નાયકને પહેલ્લેથી જ વૈરાગ્ય લેવો હતો, અને રાંક કુમુદના આકર્ષણને લીધે જ તેણે તે રસ્તો પડતો મૂક્યો હતો. તેણે પોતાનું બાપીકું ઘર છોડ્યું, કુમુદને તજી દીધી તેનું કારણ જ એ કે તેને એમ લાગતું હતું કે પોતે કુમુદને સુખી નહી કરી શકે, છતાં પણ પોતાના વિચાર ફેરવવા એ તૈયાર હતો. (ભાગ ૪ થો પૃષ્ઠ ૫૩૩–૪). પોતે જે પગલું લીધું છે તેને પરિણામે એ બાળાને જે ભયંકર સ્થિતિ અનુભવવી પડી હતી, તે વાતનું ભાન થતાં એને જે પ્રચંડ પશ્ચાત્તાપ થયો છે તે ચારે ભાગમાં મ્હેં દર્શાવ્યો છે, અને સાધુઓની જોડે રહી વ્યાવહારિક બંધનના તેમના ઉચ્ચ વિચારોનું જ્ઞાન થવાથી પોતાની ભૂલ સુધારી તેનો બદલો આપવા પોતે જે રસ્તે તેની જોડે સુખી થાય તે રસ્તો પસંદ કરી તેને કહ્યો અને પોતે તેમ કરવા તૈયાર છે, એ બતાવવા તેને તક પણ આપે છે તે પણ મેં બતાવ્યું છે. આટલા સમયમાં એનું પોતાનું હૃદય તો યોગવશિષ્ઠના યોગી જેવું થઇ ગયું હતું, યોગ અને વેદાંતના આદર્શનું ગ્રહણ કરી શકે, તેમ જ કુમુદને ખાતર પ્રેમ અને દુનિઆદારીના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે, એવી સ્થિતિમાં આવી ગયું હતું. જે ગુફામાં પવિત્ર અને અદૃશ્ય દેવતાઓ ગુફાવાસીઓની વૃત્તિઓને ઉચ્ચ બનાવતા હતા, તે ગુફામાં ચાર રાત્રિ કુમુદ જોડે ગાળવાથી એ બન્ને જણાની ભાવનાઓ બદલાઇ ઘણી ઉચ્ચ થઇ ગઇ હતી, અને તેઓના આત્મા ઉચ્ચતા પામ્યા હતા. પરસ્પર એકબીજાનું ભાગ્ય સુધારવા, ઉચ્ચતર બનાવવા તેઓ એકબીજા જોડે મથન કરતાં—અંતે પૃષ્ઠ ૭૯૫–૬ પર સૌ એવા નિશ્ચયપર આવે છે કે છેવટનો ચુકાદો અને નિર્ણય કુમુદે પોતે જ આપવો. પોતાના પ્રિયજન તરફ કૂરપણે તેનાથી વર્તી શકાય તેમ હતું નહી, તેમ સરસ્વતીચંદ્રથી પણ તેની વિનતિ બીન તકરારે સ્વીકારવાની ના પાડી પોતાના ધર્મની આડે અવાય

તેમ હતું નહી. ચોથા ભાગના પ્રકરણ ૪૫ માં કુમુદ એવા નિર્ણ-યપર આવે છે કે જો કુસુમ તે પ્રમાણે ચાલવાની ખરા અંતઃકરણથી હા પાડે નહી તો તે નિર્ણય વાજબી કહેવાય નહી. પ્રકરણ ૫૦ માં મ્હોટી બહેન ન્હાની બહેનના હૃદયના તારને સ્પર્શ કરે છે, ત્હેને આંદોલન કરાવે છે, હલાવે છે, પણ જે આંદોલનની કદર એ બન્ને બહેનોના અંતઃકરણમાંથી જે શબ્દ નીકળે છે તે ધ્યાનમાં ન રાખીએ તો બુઝી શકાય તેમ નથી. બ્હેન તરીકે એકબીજાના પ્રેમ તથા લાગણી પરસ્પર હૃદયનાં ગુંચળાં પેઠે વીંટળાઈ જાય છે, અને બેમાં વધારે ડાહી, અનુભવી અને દુઃખી બ્હેન ન્હાની બ્હેન પાસે પોતાનો નિર્ણય કબૂલ કરાવે છે, અને તે નિર્ણયનો પાયો શુદ્ધ પ્રેમ, ડહાપણ, અને સંસારના ખરેખરા ઉચ્ચ ભાવપર રચાએલો છે એમ પણ ત્હેની પાસે સ્વીકારાવે છે. કુસુમ પોતાની બ્હેનને ચાહનારને ચહાતી હતી ખરી યા ચહાઈ શકે ખરી? આ વાતનો નિશ્ચય શુદ્ધ પ્રેમના જ્ઞાતા એટલે સાધુઓએ જ કરવો એવું ઠરાવ્યું છે. (પૃષ્ઠ ૮૩૭. પંક્તિ, ૩–૪ ભાગ ૪). એ નિશ્ચય એ સાધ્વિઓની ઉપરી ચંદ્રાવલીને મુખે પ્રસિદ્ધ થાય છે. (પૃષ્ઠ ૮૩૭–૮. ભાગ ૪). તે કહે છે કે, કુમુદે परिव्राजका–જેને હાલ આપણે Sister of Mercy સેવિકા यमुना मैया કહીએ છીએ તે–થવું, કુસુમે તેની गंगामैया થવું, કે જેનાવડે મહાસાગરમાં (એટલે કે સરસ્વતીચંદ્ર તરફ) દુનીઆના ભલા માટે મ્હોટા મ્હોટા વિચારો તરતા હતા તે મહાસાગરમાં યમુનાનાં તેમ જ પોતાનાં પાણી જઈ મળે; એ ઔષધ ચંદ્રાવલીએ એ બ્હેનોનાં હૃદય સૂક્ષ્મ ચિકિત્સાવડે તપાસી શોધી કાઢયું હતું, પૃષ્ઠ ૮૩૮, પારેગ્રાફ ૧ લો. બીજા પારેગ્રાફમાં ચંદ્રકાંત પણ એ જ નિર્ણય કરે છે, જો કે સંસારના વધારે અનુભવને લીધે એને એમ લાગતું કે સરસ્વતીચંદ્રના પોતાના સિવાય આ સંબંધથી સર્વનાં મન આનંદ પામશે. બીજા શબ્દોમાં કહીએ તો જેને તમે નાયક પ્રત્યે નિર્દયતા કહો છો તેજ તેના કહેવાનો આશય છે. પ્રકરણ ૪૬ માં ગુરૂએ જ ઉપદેશ આપ્યો છે તે ધ્યાનમાં રાખી પોતાની જીંદગીના આશય તરીકે નહી એણે પ્રેમ ગણેલો કે નહી સાધુતા

(વૈરાગ્ય) ગણેલી પણ (લોકકલ્યાણના) મહાયજ્ઞ, શંખનાદ અને પૂજાને આદર્શ તરીકે લીધેલા, કે જેને માટે વિષ્ણુદાસ કહે છે કે "તમારા જેવા સમર્થ સાધુજનોના શંખનાદ એ પૂજનની કીતનાં સંગીત લય અને પ્રતિધ્વનિવડે એ મંદિરને તળથી તે ઘુમટ સુધી ભરે છે." (પૃ. ૮૦૩). નિઃસ્વાર્થ, નિષ્કામ જીંદગીના સુખનું સંગીત, આવા આશયવાળી જીંદગીના નાયકથી માત્ર ત્યારે જ ભોગવી શકાય, કે જ્યારે તેની આસપાસનાં "સર્વ" મનુષ્યના એકત્ર નાદ અને ઇચ્છાઓવડે તેને માટે प्रवाहपतित धर्म બનાવી શકાય–આ "સર્વ" તે તે શુદ્ધતમ આત્માઓ કે જેઓ ઉચ્ચતમ પ્રેમ અને સુંદરતાથી સંપૂર્ણ થએલા હોય. ચોથા ભાગના છેલ્લા પ્રકરણમાં સેવિકાતરીકેનું કુસુદનું કાર્ય બીજરૂપે દર્શાવ્યું છે.

કુસુમને માટે, તેની આરતી અને તેના પ્રેમ સંબંધે જે પ્રશ્ન પૂછોછો તે સંબંધે એટલું યાદ રાખવાનું છે કે જો કે રસશાસ્ત્રજ્ઞ પ્રીલસુફીનો તેનામાં અભાવ ન હતો છતાં ત્હેના પ્રેમને મ્હેં સ્થૂલ ને બદલે સૂક્ષ્મ જણાવ્યો છે (પ્રકરણ ૨૨, ભાગ ૪). આરતી ઉતારતાં ઉતારતાં પ્રેમનો ઉમળકો આવી જતાં પોતે પોતાના પતિને શું આપે છે? પોતાનો અધરસ્પર્શ. હાલના સમયમાં આપણા દેશમાં એ પ્રમાણે ચુંબન લેવું તે સ્થૂલ કામની નિશાની ગણાય છે. પણ બીજા દેશોમાં અને જુના વખતમાં હિંદુસ્તાનમાં પણ પિતા પુત્રીને ચુંબતા, આવી વખતે ચુંબન એ સૂક્ષ્મ પ્રેમનું અંગ જ ગણાય છે. કુસુમ સરસ્વતીચંદ્રને ચહાતી હતી, એ વાત તો તેમનાં લગ્ન પહેલાં જ સાધુઓએ નક્કી કરી મૂકી હતી. તેમ જ કુમુદે પણ પોતાની યુક્તિનો પ્રકાશ તેના હૃદયપર નાંખી એ જ શોધ કરી રાખી હતી. કુસુમ ચહાતી હતી તે તેના મહાન, નિઃસ્વાર્થ આત્માને ચહાતી હતી, નહી કે તેના સ્થૂલ શરીરને. તેના શરીર સંબંધે એક વિચાર સરખો પણ એના મનમાં આવેલો નહી.

એ શા માટે એની આરતી ઉતારતી હતી? એના સ્થૂલ શરીરપર એ મોહી પડેલી નહી, પરંતુ એનો વૈરાગ્યપૂર્ણ પોશાક –કંથા–જે પોતે પણ કેટલીક વખત પહેરતી હતી, તે જોઈ તે

પોશાકથી સૂચિત થતી એની સાધુતા જોઈ એને ઉમળકો આવી ગએલો. વૈરાગ્યના આ ચિહ્ન અને તે ચિહ્ન ધારણ કરનાર ઉપર એને મોહ થઈ આવેલો. એ સાધુજનની મહાન દોલત, જે પોતે તજી દીધી હતી, તે વડે લોકકલ્યાણની જે પ્રચંડ યોજનાઓ અમલમાં મૂકાતી હતી તેની મહત્તા એ તે દિવસની "ઈવનીંગ પાર્ટી" પૂરી થતાં તેના મનમાં એકદમ સરસ્વતીચંદ્રના સ્વાર્થત્યાગની છાપ બેસાડી દીધી હતી, અને પૃ. ૮૪૯ પરનો છેલ્લા પહેલાંનો પારેગ્રાફ બતાવે છે કે, લગ્ન પછી પોતે જે કામ કરવાનું હતું, તરતના સ્થપાએલા **કલ્યાણગ્રામ**મા વાસ કરનારી સ્ત્રીઓ પ્રત્યે પોતાને જે ધર્મ બજાવવાનો હતો તે હવે શરૂ થયું છે ત્હેનું ત્હેને ભાન થયું હતું. સરસ્વતીચંદ્રના જે ઉચ્ચ આશયને પોષવા પોતાની જે સ્વતંત્રતાનો ભોગ આપ્યો હતો, તે ગતવર્ષમાં ત્હેને ત્હેણે આપી હતી એટલું જ નહી, પણ એ જ ભાગને પૃષ્ઠ ૧૩૩ (? ૧૩૧) મે આપેલા કાવ્યની ગોપીઓ જેઓ આ વાર્તાના નાયકને જ કૃષ્ણરૂપે જોઇ રહેલી હતી ત્હેમના ટોળામાં પોતાને રાધા જેવી જ અગ્રભાગે જોઈ, સરસ્વતીચંદ્રને નીરખી ત્હેને એકાએક આનંદ સ્ફુરી આવવાથી ગોપિકાગીત અને આરતી (પૃષ્ઠ ૮૫૧)ને લાયક ઇતિહાસ પુરાણમાં વર્ણવેલા કૃષ્ણ કરતાં તે વધારે લાયક છે એમ ત્હેને થઈ આવ્યું, અને ત્હેને પરિણામે તેવા એક **આત્માને** ચુંબવા ત્હેનો સ્નેહ ઉભરાઈ આવ્યો. કામદેવતાના રાજ્યમાં ચુંબનને જે સ્થાન છે, તેનાથી તદન ઉલટું જ અત્રે હતું. ચુંબન તો જેમ એક દારુડીઆને તમે સ્હેજ દારુ આપો કે વિશેષ પીવાની ત્હેની તલબ વધે તેમ–અધરસ્પર્શ માત્ર–કામ વધારે ઉદ્દીપન કરે, તેવું હોય છે. પોતાના હૃદયમાં એક જાતનો આત્મિક પવિત્ર સ્વપ્નરૂપે આનંદ થઈ આવેલો ત્હેને બહાર દૃશ્યમાન કરવા માટે એકાએક, પોતાની મેળે સ્ફુરી આવતું ચિહ્ન તે આ કુસુમનું ચુંબન હતું, મનરૂપી મંદિરમાંથી પવિત્ર સ્વપ્ન દૂર કરી ત્હેની જગાએ એક સેતાનને પ્રવેશ કરાવવારૂપી કામદેવ જે ચોર જેવું પ્રથમ પગલું ભરે છે તે આ ચુંબન નહતું. તે ક્ષણે એના મનમાં કેવા કેવા ગુંચવણી ભરેલા વિચાર ઉદ્ભવતા હતા, તથા એનો આત્મા

શું શું અનુભવતો હતો તેની જેઓ કદર કરી શકે તેઓ જ કુસુમના ચુંબનના આ માનસશાસ્ત્રીય ખુલાસાનો ભેદ પામી શકશે. ગ્રંથકર્તા તો માત્ર આવા દેખાવોનું એક નિર્જીવ ચિત્ર દોરી શકે અને પછી દરેક વાચકવર્ગને ત્હેના અધિકાર મુજબ એ ચુંબન-પરથી ધડો લેવા છોડી દઈ શકે. વળી ત્હેણે એકલી કુમુદને જ આ દેખાવની નિરીક્ષક તથા પરીક્ષક બનાવી છે. સાધારણ વાચકવર્ગને મનુષ્ય સ્વભાવને તાબે થઈ, ગ્રંથકર્ત્તા જ્યાં આગળ પોતાનું પુસ્તક પુરૂં કરે છે, ત્હેનાથી આગળ જવાની કુદરતી રીતે જીજ્ઞાસા થઈ આવે, અને ત્યાર પછી શું થયું તે જાણવા તે ઇચ્છા બતાવે. કેટલાએક લોકોએ કુસુમ વગેરેનું પછી શું થયું તે વિષે મ્હને સવાલ પણ પૂછ્યા છે અને કેટલાએકે પોતાની અક્કલ પ્રમાણે સરસ્વતીચંદ્રનો "વધારો" પ્રસિદ્ધ પણ કર્યો છે. કોઈ કોઈ વખત મને એવી ભલામણ કરવામાં આવે છે કે મ્હારે એ ગ્રંથ ચાલુ રાખવો અને કુસુમ તથા સરસ્વતીચંદ્રનો ગૃહસ્થાશ્રમ બતાવવો. તે લોકોને હું એવો જવાબ આપું છું કે કે મારા છેલ્લા ભાગને મ્હેં પૂર્ણાહુતિ એવું નામ આપ્યું છે, અને હવે મારી શક્તિ પણ કમી થઇ છે, હવે વિશેષ લખવું તે અત્યાર સુધી કરેલા લખાણને બગાડવા જેવું થાય. મારૂં કાર્ય ચાલુ રાખી તે સુધારવાની તો શું પણ તે ટકાવી રાખવાની પણ મારામાં હવે તાકત રહી નથી. દરેક લેખકની જીંદગીના અમુક ભાગ સુધી પોતાનું કાર્ય ઉત્તમ રીતે કરવાની ઈશ્વર ત્હેને શક્તિ બક્ષે છે, મારી તે ઉમર હવે પૂરી થઈ છે. અને મ્હારી ઉમરના આગલા ભાગમાં મ્હેં જે કર્યું છે તેની પવિત્રતા બગાડવા (તેનાપર સંશય આણવા) જેવું હવે હું ઇચ્છતો નથી.

(સહી) તમારો સ્નેહી **ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.**

(૪)

સુરત

તા. ૧૪-૩-૦૬.

સ્નેહી ગોવર્ધનરામ,

ત્હમારા કાગળ માટે ઘણો ઉપકાર થયો. એક આગલા ભાગમાં ચંદ્રકાંતે કુસુમને માટે આનંદનો ઉદ્ગાર કાઢયો હતો તે મ્હારી ધ્યાનમાં છે, કે "અરે ! એ જ સરસ્વતીચંદ્રને લાયકની સ્ત્રી નીવડશે." આ ઉપરાંત જે જે બાબત ઉપર ત્હમે મ્હને લખ્યું છે તે પણ મ્હારા ધ્યાનમાં હતી. પણ જેમ જેમ એ વિષય ઉપર હું વધારે વિચાર કરતો જાઉં છું તેમ તેમ મ્હને લાગે છે કે કૃષ્ણ, ગોપી અને પદ્માવતીના કુલની વાતની સંજ્ઞા ખરી હોય તોપણ આપણા હમ્મેશના સંસારમાં તે મુજબ ચાલવા જઈએ તો તેથી એક એવે ઠેકાણે આવી જવાય કે જેની પેલીમેર જવાનો રસ્તો જ મળે નહિ. જો સરસ્વતીચંદ્ર કૃષ્ણ હોય, જો તે રાગદ્વેષ અને બીજા માયાવી વિકારોથી રહિત હોય-જો તે ખરેખર અદ્વૈત હોય-તો પછી "પશ્ચાત્તાપ" એ શબ્દ જ એને લાગુ પાડી શકાય નહિ, અને એને સંબંધે પશ્ચાત્તાપના ધોરણપર કામ પણ લઈ શકાય નહિ; કારણ કે કુમુદના શરીરને સરસ્વતીચંદ્રને પોતાની છાતી સાથે ચાંપવું પડેલું, અને વળી એને આપણા સાધારણ સંસાર વ્યવહારમાં રહેવાનું છે. ચોથા ભાગને ૭૯૫ મે પાને કુમુદ જોડેના સરસ્વતીચંદ્રના યોગને સંબંધે એક શરત મૂકેલી છે. કુસુમજોડે શારીરિક ને આત્મિક બંને જાતનું જીવન ગાળવું અને તેજ વખતે કુમુદ જોડે માત્ર આત્મિક સંબંધ રાખવો એ મ્હારા ધારવા પ્રમાણે તો કદાચિત સેંકડો વરસો સુધી આપણા મનુષ્ય જાતના હમેશના સંસાર વ્યવહારનો વ્યાપાર ભાગ્યેજ થઈ શકશે. કુમુદના શરીરને ભેટવા સરસ્વતીચંદ્ર પોતાના મનને કાબુમાં રાખી શકયો નહિ ત્યારે પછી ત્હેને તથા ત્હેની બ્હેનને પોતાના હૃદયમાં પોતે એકી વખતે બંનેના તરફ નિખાલસ પ્રેમ રાખી કેમ સ્થાન આપી શકે ? ત્હેને એક યા બીજી બ્હેન તરફ ગેરવફાદાર થવું જ

જોઇએ. આ સંસારના વ્યવહારમાં આપણે પરસ્પર ફરજો બજાવવાની હોય છે. સૂક્ષ્મ શરીર એ વ્યાવહારિક જીવનમાં રહે છે, અને સ્થૂલ શરીરપર અસર કરે છે, અને તેથી બે સુંદર સ્ત્રીઓ બંને બ્હેનો–ને સપત્ની તરીકેનો વિચાર તેઓ પરસ્પર–એક બીજાના સંબંધમાં ન્યૂનતા આણ્યા વગર રહે, તેવી રીતે–આપણે કેમ કરી શકીએ? દુનીઆમાં આવા બનાવો બનવા અસંભવિત છે, અને માત્ર આત્મા સંબંધે ત્હેનો વિચાર કરતાં એમ લાગે છે કે જો એવા બનાવો બને તો શબ્દોવડે ત્હેનું વર્ણન આપી શકાય નહિ. દુનીયાદારીની નજરે જોતાં કુસુમને લાયક વર મેળવતાં ત્હમને મુશ્કેલી લાગી હોય તો એક નવલકથાકારના અધિકારની રૂયે ત્હમે એને લાયક વર ઉપજાવી કાઢી શકયા હોત, અથવા તો ત્હેને પોતાને સેવિકા બનાવી શકાત.

જો કે હજુ મ્હારો તો અભિપ્રાય એ જ છે કે ત્હમે નિર્દયપણે વર્ત્યા છો, તોપણ એટલું તો નિશંક છે કે ત્હમારી બુદ્ધિ ઘણી ફળદ્રૂપકારી છે. ત્હમારી શક્તિ–મજબૂત–પ્રખર છે, અને ત્હમારાં પુસ્તકોની અસર જરૂર ઘણી શ્રેયસ્કર થશે. કદાચિત ત્હમારી જે પ્રેરણાબુદ્ધિએ ત્હમને આ બનાવો તરફ દોર્યા છે તે અચુક–ખરી જ હશે. કારણ આવી રીતનો ત્હમારી કથાનો છેડો ન આવ્યો હોત તો ત્હમારા વાચક વર્ગના મનમાં જે ગુસ્સો અને દયા ઉત્પન્ન થયાં છે, કથાનાં પાત્રો માટે જે ખરેખરી લાગણીઓ અસ્તિત્વમાં આવી છે, તે જેટલાં ફળદ્રૂપ થયાં છે તેટલાં થાત નહિ. મ્હારા પોતાના તરફથી તો હું ત્હમારો પરમ ઉપકાર માનું છું કે ત્હમારા પુસ્તકમાંથી મ્હને **મધુરીનું** સુંદર નામ હાથ લાગ્યું છે. આ હોળીની રજામાં એ સુંદર નામની આસપાસ મ્હેં કેટલાક બનાવો ગોઠવવા માંડ્યા છે, અને જો મ્હને સમય મળશે તો તો મ્હારા સીંધી વાચકોને માટે તેના પરથી એક નવલકથા હું રચીશ.

ત્હમારો સ્નેહી,

દયારામ ગીડુમલ.

તા. ક.

આરતીવાળા પ્રકરણપરથી હું એમ સમજું છું કે ત્હમારો

ઈરાદો એવું બતાવવાનો હતો કે એક વરસ સુધી એ જોડું માત્ર નામનુંજ પરણેલું હતું, અને માત્ર આરતીવાળી રાત્રે કુસુમને પોતાના પતિમાટે પ્રેમનો ખરેખરો ઉમળકો આવ્યો. જો એમ હોય તો પછી સરસ્વતીચંદ્રનું કેમ? એણે કુમુદને સ્થાનભ્રષ્ટ કરવી કે કેમ? એ વાત ખરી છે કે એણે પોતે કહ્યું છે કે હવેથી સરસ્વતીચંદ્રે ત્હેને માતૃવત્ ગણવી અને સરસ્વતીચંદ્રે ત્હેને માતા પણ કહી છે. તો પણ એ સર્વ નિર્દયતા નથી? એક માટે ઘડાયલાં બે હૃદય, એક બીજાની પ્રત્યે આકર્ષાયલા બે આત્મા, મનથી એક બીજાને વરી ચૂકેલી વ્યક્તિઓને આમ પરસ્પર છૂટાં પાડવાં એ શું કહેવાય? મને તો લાગે છે કે છૂટાછેડા આપનારી કોરટના જડજ તરીકે તમે બહુ આપખુદી ભરેલું કામ કર્યું છે.

ત્હમારી ચોપડી જોડે ત્હમારો પત્ર મ્હેં રાખ્યો છે. એ પત્ર હમેશ ઘણો કીમતી ગણી ત્હેને હું સાચવી રાખીશ, અને ત્હમારે જ્યારે પણ ખપ પડશે ત્યારે મોકલી દઈશ.

દ ગો.

(૫)

સ્નેહી દયારામ,

તા. ૧૪ મીના ત્હમારા પત્રમાં ત્હમે કેટલાક સારા ટીકાયુક્ત પ્રશ્ન ઉભા કર્યા છે. ત્હેમાંના કેટલાક જ્યારે મ્હેં મ્હારો છેલ્લો પત્ર ત્હમને લખ્યો ત્યારે મ્હારી ધ્યાનમાં નહતા, પણ જ્યાંસુધી મ્હને યાદ છે ત્યાંસુધી જ્યારે મ્હેં એ પુસ્તક લખ્યું ત્યારે તે મ્હારી નજર બહાર હતા નહિ.

સરસ્વતીચંદ્રે જે શરત કુમુદસુંદરી પસે પૃષ્ઠ ૭૯૫ (*૭૯૩) પર મૂકી છે, તે ત્હમારા મતને સબળ કરવા બહુ ઉપયોગી છે. વિશેષે કરીને પૃષ્ઠ ૭૯૪ (*૭૯૨) ઉપર પોતાનાં અંગ્રેજી વાકયોમાં જે અડચણો તેણે દર્શાવી છે તે જોતાં ત્હમારો મત સુદૃઢ કહેવાય. ગરીબ બીચારો ચંદ્રકાંત પોતાની દરખાસ્ત એ પૃષ્ઠને મથાળે તથા છેડે જે સૂચનાઓ જણાવી છે તે ઉપરાંત લઇ જઈ શકતો નથી, અને જ્યારે ૭૯૫ (૭૯૩) મે પાને શરૂઆતમાં સરસ્વતીચંદ્ર એને માથામાં વાગે તેવો જવાબ આપે

* નવી આવૃત્તિમાં એટલે ૧૯૦૯ની આવૃત્તિમાં બે પૃષ્ઠનો ફેર લાગે છે, એટલે જ્યાં ૭૯૫ હોય ત્યાં ૭૯૩ ગણવું, ૭૯૬ હોય ત્યાં ૭૯૪ ગણવું.

છે, ત્યારે પોતે હાર ખાધી છે એમ તે કબુલ કરે છે. આ સંવાદમાં જણાવ્યા મુજબ સરસ્વતીચંદ્ર અને કુસુમ વચ્ચે દેખીતું લગ્ન કરવાનું નથી, તેમ કુમુદ જોડેના એના યોગ—એની સંયુક્તતા—ને તોડી નાંખવાનો પણ નથી. ચંદ્રકાંતને આવી નામના લગ્નની હસવા સરખી દરખાસ્ત કરવાનું કારણ એ હતું કે સરસ્વતીચંદ્રના મનની સ્થિતિ મરણીઆ જેવી થઈ ગઈ હતી, તેમ પોતે જે મુશ્કેલીમાં આવી પડયો હતો—કે કુમુદને છોડવી પણ નહિ ને રાખવી પણ નહિ—તે મુશ્કેલીમાંથી ખોટે રસ્તે છૂટી જવું ત્હેના મનને રૂચતું ન હતું. પૃષ્ઠ ૭૯૬ (૭૯૪) પર પોતે ખુલાસો કરી પોતાના મનની સ્થિતિનું કારણ કુમુદને સમજાવે છે કે, ત્હેના તરફથી પોતાની સ્વતંત્રતા કોઈ રીતે જોખમાય એવું જણાતી સૂચના થશે તો તે પોતે સાંભળશે નહિ, તેમ જ સંસાર વ્યવહારની દૃષ્ટિએ જોતાં ત્હેનાં સ્થૂલ યા સૂક્ષ્મ શરીરપર કોઈ રીતનો પ્રહાર થાય એવી તે સૂચના હશે તો તે પણ પોતે કબૂલ રાખશે નહિ. ત્યારપછીને પાને કુમુદ સ્મિત કરી જવાબ આપે છે કે હવે તે એવા ભયની દરકાર કરતી નથી, તે ઉપરથી જણાશે કે પૃષ્ઠ ૭૯૫ (૭૯૩) ઉપર જે શરત વર્ણવેલી છે તે કેવળ કુમુદના શ્રેયને માટે જ હતી એમ એ બંનેજણાં સમજતાં હતાં. સરસ્વતીચંદ્રની પોતાની કોઈ પણ પ્રકારની જુની યા નવી ભાવનાને અંગે ન હતી. પૃષ્ઠ ૭૯૮–૯ (૭૯૬-૭) પર પોતાનો નિર્ણય કેવા પ્રકારનો આવશે ત્હેની કાંઈક ગર્ભિત સૂચના કુમુદ કરે છે. એજ પાને પોતે કહે છે કે હું સ્નેહને અધિક માનું છું, ધર્મને નહિ; અને સરસ્વતીચંદ્ર ધર્મને અધિક માને છે, સ્નેહને નહિ, છતાં પોતે છેવટ એવો નિર્ણય લાવશે કે તેથી પોતાનો સ્નેહ તથા નાયકની ધર્મબુદ્ધિ બંને સંતોષાય. સરસ્વતીચંદ્ર જણાવે છે કે જેમાં ત્હેને સ્વાર્પણ કરવું પડે, પોતાનો ભોગ આપવો પડે એવો તોડ ત્હેણે કહાડવો જ નહિ. માત્ર એટલી મર્યાદામાં રહી બીજી જે કાંઈ ઈચ્છા તે દર્શાવશે તે પોતે ઉપાડી લેવા તૈયાર છે, કારણ “ તમારી ઈચ્છા પ્રમાણે સુવૃષ્ટ થવું એ મ્હારો સ્વભાવ જ બં-

ધાએલો સમજજો." (પા. ૭૯૯? ૯૭) આ પ્રકરણનું મથાળું "કાંઈક નિર્ણય અને નિશ્ચય" એવું કરેલું છે. હું ધારૂં છું કે કુમુદે આ પ્રમાણે સરસ્વતીચંદ્રની ચિકિત્સા કર્યા પછી–એટલે કે તે સ્નેહ કરતાં ધર્મને અધિક સમજતો હતો તે જાણ્યા પછી–નવલકથાકારને પરિણામે માત્ર એક જ રસ્તો ખુલ્લો રહે છે, કે નાયકના મનની ખરેખરી ભાવના–અને તે પણ વળી એવો નાયક કે જેણે વારંવાર ખુલ્લા શબ્દોમાં (૭૯૮–૯) (૧૭) જણાવેલું કે ત્હેને પોતાને માટે કાંઇ ઇચ્છા નહુતી તેવા નાયકની ભાવના–ને જાણનાર અધિકારીણીએ જે ઔષધોપચાર બતાવેલો તે કરવો. પૃષ્ઠ ૭૯૫ પરની શરતમાં અલબત્ત ઉપર બતાવેલે દરજ્જે પૃષ્ઠ ૭૯૮ પર ફેરફાર થાય છે.

જે વાર્તાથી ઉપર મુજબ વાર્તાનો છેડો આણેલો તે વિચારવાનું સ્પષ્ટીકરણ કરવા આટલું લખાણ કર્યું છે; જોકે આટલી લાંબી મુદતે તે વિચારોની યાદદાસ્ત તાજી કરવા અત્ર હું પ્રયત્ન જ કરી શકયો છું. એ પરિણામ યોગ્ય છે કે અયોગ્ય તે હવે મ્હારા અધિકારની બ્હારની વાત છે; કારણ ત્હેનો નિર્ણય થઈ ગયો છે, અને હવે કે જ્યારે મ્હારૂં મગજ યા મ્હારૂં હૃદય એ પુસ્તક લખતી વખતે જે જે ભાવનાઓ વડે આંદોલાતું હતું તે તે ભાવનાઓથી રહિત છે તે વખતે એ પરિણામ મ્હારાથી ફેરવી શકાય યા ફરીથી ધ્યાનમાં લઈ શકાય એવું નથી. કુદરતી રસ્તે જોતાં ત્હમારી ટીકા તદ્દન સાચી લાગે છે, પરંતુ આખી દુનીઆ જેને કુદરત ગણી તે પ્રમાણે ચાલે છે તેવી કુદરતની સામે ઘણા પ્રકારનો બળવો ત્હેનું નામ તે હિંદુતા અથવા હિંદુપણું. આપણે કેળવાએલા હિંદુઓએ કુદરત અને એ બળવો એ બેની વચ્ચે હિંચકા ખાઇએ છીએ. જ્યારે મ્હેં મ્હારી વાર્તાનાં મુખ્ય પાત્રો ગોઠવવા માંડ્યાં ત્યારે આ હિંચકાની ગતિ તથા ત્હેની અસરની મ્હેં ગણત્રી કરી હતી. કેટલીક જગાએ તો જાણી જોઇને જ એવા પરસ્પર વિરૂદ્ધ પ્રસંગો આણ્યા છે. એ પ્રસંગો જો આપણા હિંદુસંસાર ઉપર એ આંદોલનની અસર આપણે સમજી શકીએ તો જ ત્હેને બંધ બેસતા થઈ શકે. એ અસર તે માત્ર આપણા

:સંસાર સંબંધે તો શું પરંતુ આપણા આશય, અને વખત જતા ત્હેના સ્વભાવ, બળ અને નબળાઇને લીધે ત્હેનું આખર જે પરિણામ લાવશે તેથી આખી દુનિઆ ધડકશે * તમારા જેવો બળવાન ટીકાકાર તો માત્ર મ્હેં જે આધાર પકડી આ પુસ્તક રચ્યું છે તે આધાર અને તેના પરિણામ સંબંધે ટીકા કરી આ ગ્રંથકર્તાને મદદ કરી શકે.

બીજા તો કશું સમજ્યા વગર આવા મુદ્દા ઉભા કરેછે ત્હેને ઠેકાણે તમે તે જ મુદ્દા આવી બુદ્ધિશાળી રીતે ઉભા કરોછો તે જોઈ મ્હને ઘણો આનંદ થાય છે. એવાઓને તો માત્ર હું હસીને અથવા તો ત્હેમના ઉપરચોટીઆપણાને લાયક ઉપરચોટીઆપણાથી જ જવાબ આપી પતાવું છું પણ આપણા બંને વચ્ચે એ મુદ્દાઓપર વિવેચન એવી ઉપરચોટીઆ રીતે થતું ન હોવાથી મ્હેં મારા એક કૉલેજમાં શિખતા મિત્રને+ આ પત્રોની નકલ કરી લેવા દીધી છે, કારણ ત્હેને એમ લાગે છે, કે એ કાગળો સંગ્રહી રાખવાથી વખતે કોઇ દહાડો તે ઉપયોગી થઈ પડશે. મ્હારાપર આવતા પત્રો તો હું રાખી મુકું છું, પણ મ્હારી તરફથી લખાતા કાગળોની નકલ મ્હારાથી કરાવાઈ શકાય તેમ ન હોવાથી માત્ર અપવાદ તરીકે જ આ અને આગલા કાગળની નકલ રાખી છે, માટે એવા પત્રો પાછા મોકલવાની ત્હમારે જરૂર નથી.

ત્હમે જે બીજા વિષયો ઉપર ચર્ચા ચલાવી છે, તે વિશે મારો ખુલાસો એવો છે, કે હું એવી જ્ઞાતિમાં જન્મેલો છું કે જેમાં માત્ર એક જ સ્ત્રી પરણવાની છૂટ છે. જો ધણી પહેલીની હયાતીમાં બીજી સ્ત્રી પરણે, તો ત્હેનાપર ફોજદારી ગુન્હો કર્યાનું કામ પ્હેલી સ્ત્રી ચલાવી શકે. વળી ત્હમારૂં કહેવું પણ એમ નથી, કે મ્હારો મ્હારા નાયકને બે સ્ત્રી પરણાવવાનો ઇરાદો હતો. ત્હમારી કહેવાની મતલબ હું એમ સમજું છું કે સ્નેહના ઉચ્ચ કાયદા મુજબ સરસ્વતીચંદ્ર બે સ્ત્રી પરણ્યો કહેવાય. યુરોપ

---

* આ વાક્યનો આશય અંગ્રેજીમાં જ ગુંચવાયલો છે, અને તેથી ત્હેનું સ્પષ્ટીકરણ અત્રે થઈ શકયું નથી.

\+ રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ., એલ. એલ. બી.

સંબંધી વિચાર કરતાં તેનાથી એક ઉલટો જ દાખલો ત્હમને હું બતાવું, અને ત્યાં પોતાની જોડે જેનો વિવાહ થયેલો તેવી સ્ત્રીને એક મ્હોટા ભાઇએ પોતાના ન્હાના ભાઈ જોડે એવા કારણથી પરણાવી દીધી, કે તે બાઇને પોતાને જોકે તે બાબતનું ભાન હતું નહિ, તોપણ ખરી રીતે તે ન્હાનાભાઇને જ ચહાતી હતી. [વીઝેટેલીનું ઝોલાનું પારીસનું ભાષાંતર. ૧૮૯૮. પુસ્તક ૪. ભાગ ૫. પૃ. ૩૭૫] મ્હને એ વિશે ચોકસ ખાત્રી નથી, તોપણ જ્યારે મ્હેં મ્હારી વાર્ત્તાનો આવી રીતે અંત આણ્યો, ત્યારે મ્હને લાગે છે, કે એ બનાવ મ્હારી ધ્યાનમાં હોવો જોઈએ. શેકસપીઅરના "મચ એડો એબાઉટ નથીંગ" વાળા નાટકમાં બેનેડીકટ અને બીએટ્રીસ જે રીતે એક બીજા જોડે પ્યારમાં પડે છે, તેનો દાખલો લેતાં હિંદુ ફિલસુફને જણાયા વગર રહેશે નહિ, કે માત્ર સ્થૂલ પ્રેમ ઉપર પાયો રચી એક જાતની બનાવટી સભ્યતા બતાવવી, તે નિરર્થક મહેનત કરવા જેવું છે. સંસાર વ્યવહારની પૃથાને હું ન ગણકારતો હોઉં, તેમ ત્હમને માત્ર આ અભિપ્રાય ઉપરથી લાગશે, પરંતુ કુસુદે એને માટે જે નિશ્ચય કર્યો, ત્હેને શાંતિથી એ તાબે થયો. તેમ કરતાં તે પોતે પોતાની જાત તરફ કૃરતાથી વર્ત્યો, એ બાબતમાં તેના મનની સ્થિતિ કેવી હશે, તેનો ખુલાસો ત્હમને એમાંથી મળશે, કારણ ઉપર બતાવેલા ફકરામાં "મેરી"ના મનની સ્થિતિ પણ એવી જ હતી.

પોતાને ઘેર મહેમાન–અતિથિ–આવે ત્હેના પ્રત્યે જે ધર્મ તે ઘરવાળાએ–ગૃહસ્થોએ બજાવવાનો છે, તે ધર્મ લક્ષમાં રાખી, ખરેખરી રીતે તો મ્હારી વાર્ત્તાનાં પાત્રોની નૈતિક ભાવનાઓ મ્હેં ચીતરી છે. ચોથા ભાગના ૨૫ મા પ્રકરણમાં સાધુ જનોના એ સંબંધે સનાતન ધર્મનું મ્હેં વર્ણન આપ્યું છે. સાધુ જનના એ કાયદા મુજબ દરેક માણસે પોતાના સંબંધમાં આવતાં હરકોઈ સ્ત્રી પુરૂષને પોતાના અતિથિ–મહેમાન તરીકે ગણવાં, અને ત્હેમના કરેલા આતિથ્યના સંબંધમાં કોઈ પણ રીતના બદલાની આશા ન રાખવી, એવું મ્હેં જણાવેલું છે. તેમ વળી चिरंजीविशृंग ઉપર

એ બંને જણાએ જે રાત્રિઓ ગાળેલી, તેમાં પણ કુમુદને શાથી સુખ થશે, એ શોધી કાઢવા સરસ્વતીચંદ્ર મંડયો રહેલો અને સરસ્વતીચંદ્રને શાથી સુખ થશે, તે શોધવા કુમુદ મચેલી રહેલી આ મતલબ પાર પાડવા એ બેમાંથી દરેક જણ તૈયાર હતું, તેમ જ પોતાની ખાતર સામાને કોઇ રીતનો ભોગ આપવો ન પડે, તેવી રીતે ચાલવા ફિકર રાખતું. તેઓ એક બીજાને માટે ધારતાં કે ત્હેમનામાં સાધુજનનું બળ છે અને માત્ર એકના માનસિક તાપને લીધે વખતે ત્હેના દૃઢ નિશ્ચય નબળા પડી જઈ, બીજાના જોવામાં આવતાં ત્હેની દૃઢતાને ધોકો પહોંચે, અને તે પણ અંતે પોતાનું જોર ખોઈ બેસે ત્હેવું ન થાય, તે માટે ગાઢ પ્રયત્ન કરતાં. આટલું છતાં પણ જો તેમ કર્યાથી તે બીજું તેથી સુખી થાય એમ લાગે, તો પોતાની સાધુતાનો ત્યાગ કરી, તે બીજાની શારીરિક વલણને તાબે થવા દરેક તૈયાર હતું. પરંતુ આ જોડામાંથી દરેક એક બીજાને પરસ્પર નબળાઈનો ભોગ થઈ પડતાં અટકાવે છે, એ અંતે પરિણામ આવે છે. ન્હાનું બાળક ચાલતાં શીખતાં પહેલાં ઠેબાં ખાઈ, પડે આખડે છે, તેવી રીતનો સરસ્વતીચંદ્ર તથા કુમુદના શરીરનો ક્ષણિક સ્પર્શ–એક બીજાને એ જે થોડો વખત ભેટેલાં તે–ગણવાનો છે. એ સ્પર્શ જાણી જોઇ થએલો નહિ, પણ ત્હેમની વગર ઇચ્છાએ થએલો. બચ્ચાનાં એ ઠેબાંની માફક કુમુદ અને સરસ્વતીચંદ્રને પ્રેમને અંગે એ શારીરિક સ્પર્શનો જે કાંઈ આનંદ યા આહ્લાદ થએલો, તે વગર માગે આવેલો, અપ્રિય થઈ પડેલો, ત્હેની સામું થવા ત્હેમણે પ્રયત્ન કરેલો અને છેવટ વધારે ઉચ્ચ સ્થિતિ પામી ત્હેનો ત્હેમણે વિનાશ કરવો ધારેલો. જેમ રેતીપર પગલાં પડે છે, તે પગલાં પાડનાર માણસને પણ ભાગ્યે દેખાય છે, તેમ એ સ્પર્શ પણ માત્ર ઝાંખો અને ક્ષણિક હતો, ત્હેના ઉપર વિશેષ કાળ ગુમાવવા તેઓ રાજી નહતાં. ચિરંજીવશૃંગ ઉપરના બનાવોનો ખરેખરો ઈતિહાસ ટુંકામાં કહીએ, તો તે એજ છે, કે કુમુદ અને સરસ્વતીચંદ્ર બંને જણાં શરીર વિરૂદ્ધ આત્માના ગાઢ સંગ્રામમાં ગુંથાએલાં હતાં. એ બંને લઢવૈયા–શરીર અને આત્માએ પોતાનાં મજબૂ-

તમાં મજબૂત હુથીઆરો રણક્ષેત્રમાં વાપર્યાં હતાં અને એ લડાઈમાં અંતે આત્માની પૂરેપૂરી જીત થઈ, અંતે ત્હેણે શરીરને કચડી નાંખ્યું. બંને જણાં જે વખતે જુદે જુદે દરવાજેથી એ ગુફામાં ગભરાતાં ગભરાતાં પેઠાં અને જે વખતે લોકકલ્યાણના વિશેષ ઉચ્ચ આશય સાથે તેઓ ત્યાંથી બહાર નીકળ્યાં, એ અરસામાં તેમના હૃદયમાં જે મ્હોટો ફેરફાર થઈ ગયો તે એજ છે. મનની અંદર અત્યાર સુધી જે તોફાન ઉઠતાં હતાં, અને બહારની–સંસારની બાબતમાં–જે ત્હમને બ્હીક રહેતી હતી, ત્હેનાથી તેઓ તદ્દન વિરક્ત થઈ ગયાં- પહેલા ભાગના મુખ પૃષ્ઠની પાછળ જે અંગ્રેજી કવિતાનું અવતરણ કર્યું છે, ત્હેમાં કહ્યા પ્રમાણે મનુષ્ય જાતિની “ નબળાઈ, ભૂલ અને લઢાલઢ ”ના સમયનો અંત આવે છે, અને એજ પાને આપેલા “ નાજુક સુંદર હવાઇ ફુલ ” અને “ ઉંચી રાત્રિના તારલા ” સંબંધે જે સ્થિતિ વર્ણવેલી છે ત સ્થિતિનો તેઓ ત્યાગ કરે છે. કારણ “ હવાઈ ફુલ ”–કુમુદ–નમી અને પછી સુકાઇ જવાની સ્થિતિથી મોકળી થઇ ગઈ છે. અને એકાંત દેખાતો તારો–સરસ્વતીચંદ્ર જે “ અત્યાર સુધી ઉંચી રાત્રિ ઉપર ચઢતો ચઢતો ” આમતેમ ફર્યા કરતો હતો “તે પૂર વેગથી ફરતું ન અટકાવી શકાય એવી રીતનું આકાશ ત્હેને ખેંચી આગળ લઈ જાય તે પહેલાં તે પણ “દિવ્ય અંધારામાં”થી “ દિવ્ય પ્રકાશ ” માં આવી ગયો છે. સને ૧૮૮૫ માં જ્યારે એ પાત્રો મ્હેં ઉપજાવી કાઢયાં, ત્યારે આવી જાતની કસોટીમાં તેમને કસાવવાની મ્હારી મતલબ હતી. અને સને ૧૯૦૦ માં એ કસોટીના પરિણામનું રૂપ જે રીતે વાચક આગળ મુકાયું છે, તેજ રૂપે એ વાર્તાનો અંત લાવવો, એ મ્હારી નજરમાં ઠીક લાગ્યું.

એ વાત ખરી છે, કે આ બંને આત્માઓનો આવી રીતનો વિજય કેટલાકને માત્ર હવાઇ એટલે કે દુનીયામાં સંભવિત નહિ તેવો–અને અસ્વાભાવિક લાગશે. આ મત ખરો હોય, તોપણ મ્હારૂં કહેવું એમ છે, કે મ્હારાં નાયક અને નાયિકા બંનેએ ચિરંજીવશૃંગ ઉપર જે વિજય મેળવ્યો, તેનું કારણ એ છે, કે ત્યાં વિષ્ણુદાસજીના યોગ–સમાધિના બળવડે હાજર થયલા ઉચ્ચ પ્રકા-

રનાં પ્રાણીઓ–ફિરસ્તાઓના ખાસ રક્ષણ નીચે તેઓ હતાં, અને એવી રીતનો (બનાવટી) ઉદ્દેશ પોતાના વાચકના ધ્યાનમાં ઉતારી શકે, તેવી રીતની ગોઠવણ કરી પોતાની વાર્તાની ખુબીમાં વધારો કરવા અસંભવિત વાતોનું ઉમેરણ કરવાની એક વાર્તા લખનારને છૂટ છે. અસલ ઋષિઓનાં સંતાન એવા આપણે હિંદુઓ, ખરી કે ખોટી રીતે (મ્હારા મત પ્રમાણે ખરી રીતે) આપણા ઉચ્ચ આશય તે આ જીંદગીમાં નહિ, તો આવતી જીંદગીમાં મનુષ્યદેહે પ્રાપ્ત કરવાના ઉદ્દેશ તરીકે ગણીએ છીએ. એ ઉદ્દેશ પછી આકાશના તારા કે, પૃથ્વીપરના હીરા, મેળવવા સારૂ હોય તો હું તો તે તારા પકડવાને જ પ્રયત્ન કરૂં. પછી એવા ઉચ્ચ આકાશપર ચઢવું અશકય હોય, તો પણ શું થયું ? અને જેને મ્હોટાં–ઉમરે વધેલાં છોકરાં–હીરા કહે છે, ત્હેને પડતા મુકૂં. યૂરોપના વાર્ત્તાકારો અને શાસ્ત્રજ્ઞો માત્ર પૃથ્વીના દ્રવ્ય અને માણસની પશુ સરખી જીંદગી સંબંધેજ મચ્યા રહે છે. આપણે હિંદુસ્તાનમાં મનુષ્યના સ્વભાવનું ખરૂ અંગ ત્હેને પશુવૃત્તિ નહિ પરંતુ ત્હેને ધાર્મિક કહેતાં ઉચ્ચવૃત્તિ ગણતા આવ્યા છીએ. મનુષ્યમાં પશુવૃત્તિ **ઉપરાંત** બીજું કાંઈક પણ છે. અને તેટલા માટે હું હમેશ એ વાત ધ્યાનમાં રાખું છું, કે એ બીજી કંઈક વિશેષતા અને નહિ કે એ પશુપણું મ્હારામાં હોય, તો સારૂં. કારણ માણસના સ્વભાવમાં જે પશુવૃત્તિ છે, તે આપણે ગમે કે ના ગમે તોપણ પોતાની સંભાળ લઇ શકે તેમ છે. આપણી ઉચ્ચ વૃત્તિઓને જ ખાસ સંભાળની જરૂર છે, અને તેથી ત્હેની સંબંધે જ મ્હારા પુસ્તકોના ઘણા ભાગમાં મ્હેં ઘણી મહેનત લઈ લખાણ કર્યું છે.

ત્હમે જે બાબતપર ટીકા કરી છે અને મુદ્દા ઉભા કર્યા છે, ત્હેને માટે આ ઉપલા વિચારો ત્હમને વખતે અસંબદ્ધ લાગશે, પરંતુ હવે તે બાબતનો હું જવાબ લખું છું, અને તેમ કરતાં એ વિચારો ઉપયોગમાં લઇશ.

કવિ તરંગશંકર અને કુસુમ જાણે કૃષ્ણને જવાબ આપતાં હોય, તેવી રીતે મ્હેં દર્શાવ્યાં છે, પરંતુ તેમ કરવામાં મારી મતલબ કૃષ્ણને સંબંધે જે પુરાણ ઉભું થયું છે, ત્હેનો "ખરો

અર્થ" શું છે તે બતાવવાની ન હતી. જેમ કૃષ્ણ ગોપીઓની સંભાળ રાખતા હતા, તેમ આપણો નાયક મુંબઈ છોડ્યા પહેલાં પોતાના તન મન ધનથી ગ્રૅજ્યુએટો તથા કેળવાએલાં માણસોને મદદ કરતો હતો. તે વખતે જે કામ એણે ન્હાના પાયાપર ઉઠાવ્યું હતું, તેજ કામ હવે-સંસારમાં પાછા ભળ્યા પછી મ્હોટા પાયા ઉપર અને સંસારમાં પોતાનું જે સર્વસ્વ હતું, ત્હેનો ત્યાગ કરી કરવા માંડયું, અને તેથી જ ત્હેની સંભાળ નીચે રહેતો કેળવાએલો વર્ગ ગોપીવૃંદના જેવો હતો. તેઓ એને ચ્હાતા અને એ તેઓને ચ્હાતો. આવી રીતનો દેખાવ જે માત્ર ચિત્રમાં જ જોવામાં આવે, તે પોતાની નજર આગળ તાદૃશ ખડો થયેલો જોઈનેજ કુસુમે ત્હેની આરતી ઉતારેલી અને ગોપીકા ગીતમાંનો શ્લોક ગાએલો. રાગદ્વેષના પ્રશ્નને આ બાબત જોડે કશો સંબંધ નથી. પરંતુ જ્યારે કુમુદ ત્હેને છોડી દે છે અને કુસુમ ત્હેને સ્વીકારે છે, ત્યારે તે બાબત ઉપર તે બેદરકારીની નજરે જુએ છે, તે વખતે એણે રાગદ્વેષનો ત્યાગ અલબત પુરેપુરો કરેલો કહેવાય. ચિરંજીવ શૃંગ ઉપર એની મનોવૃત્તિઓમાં જે ફેરફાર થઈ ગયો, તેના પરિણામરૂપે સ્નેહ એજ માત્ર દરેક વ્યક્તિ પાસે અમુક કાર્ય કરાવે છે, એ વાત ત્હેના મનમાંથી નાશ પામી ગઈ હતી અને મહાન ઈશ્વરની કુદરતને લીધે જે એનો પ્રવાહપતિત ધર્મ થઈ પડયો, ત્હેને પણ તે માત્ર પોતાના ધર્મ, પોતાની ફરજ-તરીકેજ બજાવવા તે તૈયાર હતો. કુમુદ પ્રત્યે પોતાનો માનેલો ધર્મ પોતાને બજાવવાનો છે, તે વૃત્તિને તાબે થઈને જ તે કુસુમને સ્વીકારે છે. અને એ વૃત્તિની ઉત્પત્તિ એના "પશ્ચાત્તાપ" વડે થએલી. એના જેવાના "પશ્ચાત્તાપ" ને પણ રાગદ્વેષ જોડે કશી લેવા દેવા નથી. પોતે કુમુદને ઘણા સંતાપનું સાધન થઈ પડેલો એવા જ્ઞાનનો એને ભાસ થતાં, ત્હેને તે બદલ પોતાનાથી બને તેટલો—જેટલો ત્હેને પુરતો લાગે તેટલો-બદલો આપવો, એ પોતાનો ધર્મ છે, એ વિચાર ત્હેને આવતાં, આ વૃત્તિ ત્હેનામાં ઉદ્ભવેલી. પોતાની કસોટીને લીધે એ પોતે રાગદ્વેષથી વિરક્ત થએલો એ વાત ખરી, પરંતુ પાપ

પુણ્ય પણ ન ગણવું એટલે બધે દરજ્જે સુધી નહિ, દાખલા તરીકે पुण्यपापे विशीर्णे એવું જે કહેવાય તેટલે દરજ્જે નહિ. પોતે કુમુદ પ્રત્યે પાપ કર્યું છે, એવું એને લાગેછે, અને તેથી તે પાપના પ્રાયશ્ચિત્ત તરીકે પોતે કુસુમને કબુલ કરેછે. પોતે જો કુસુમને સ્વીકારે, તો તેથી કુમુદ પ્રત્યે એક જાતની ક્રૂરતા થશે, કુમુદને ગેર ઈનસાફ થશે એમ ગણી એક વખતે ત્હેને લેવાની પોતે ના પણ પાડેલી, અને તે વખતે પોતાના હૃદયની સ્નેહશૂન્યતા અથવા તો પ્રવાહપતિત ધર્મ બંનેમાંથી એકેએ ત્હેને એ નવી ધુંસરી કબૂલ કરવાનું સૂચવેલું નહિ. ઉલટું કુસુમને તેમ જ પોતાને અવિવાહિત જીંદગી કેટલી પસંદ હતી, તે એ જાણતો હતો. ચિરંજીવ શૃંગ ઉપર કુમુદનો ફેરફાર કુમુદનાં પોતાનાં તેમ જ સરસ્વતીચંદ્રના સ્વપ્નોનું રહસ્ય ખુલ્લું કરી કુમુદના હૃદયને વિનવી તથા એના મગજને સતેજ બનાવી, કુમુદે કુસુમની દૃષ્ટિ આગળ એક નવી જ વિચારશક્તિ ખડી કરવી તથા નાયકના મ્હોડા આગળ એક નવો જ પ્રવાહપતિત ધર્મ રજૂ કરવો, એ એક જાતનું સ્વાભાવિક પરિણામ છે, કે જેનો જોટો મુદ્રારાક્ષસ નાટકના પરિણામમાંથી મળી આવે છે. ચંદ્રગુપ્તની દીવાનગીરી તેમાં રાક્ષસને આપવામાં આવે છે, અને જો નવા ધર્મની વૃત્તિનો પ્રકાશ એકાએક ત્હેના મન ઉપર [સરસ્વતીચંદ્રની માફક] ન પડયો હત, તો તે કદી પણ એ ધુંસરી કબૂલ કરત નહી.

જેવી રીતે આ વાર્તાનો છેડો આવે છે, તેવી રીતે એટલે કે સરસ્વતીચંદ્ર કુમુદ જોડે માત્ર માનસિક અને કુસુમ જોડે માનસિક અને શારીરિક બંને પ્રકારનો સંસાર માંડે છે–કારણ સ્થૂલ ને સૂક્ષ્મ એ પરસ્પર એકબીજા ઉપર હમેશ અસર કર્યા કરે છે–આપણો સાધારણ સંસાર–મનુષ્ય જાતિની હમેશની જીંદગી–કોઈ દહાડો ચાલવાનો નથી, આ ત્હમારૂં કહેવું પુરે પુરૂં ખરૂં છે. પરંતુ સ્થૂલસૂક્ષ્મનો એ પરસ્પર સંબંધ સરસ્વતીચંદ્ર, કુમુદ અને કુસુમના મનથી દૂર નથી, એ વિશે ચોથા ભાગના પૃષ્ઠ. ૮૨૯ (૮૨૬;૭ ?) ઉપર હું ત્હમારૂં ધ્યાન ખેચું છું. એ બે બ્હેનોના સંભાષણની મતલબ નીચે મુજબ છે.

૧. જો સરસ્વતીચંદ્ર જોડે કુસુમ લગ્ન કરશે, તો પણ કુંવારી જીંદગી ગાળવાનો ત્હેનો જે અભિલાષ છે, ત્હેને હાનિ નહિ આવે એવું જે કુમુદ કહે છે, તે ત્હેને ગળે ઉતરતું નથી. એના અભિપ્રાય પ્રમાણે વિવાહિત જીંદગી અને એવી સ્વતંત્રતા એ પરસ્પર વિરૂદ્ધ વાત હતી.

૨. કુમુદને પોતાની નીતિ નબળી લાગતી હતી, અને પોતાનું જે રક્ષણ થયું–પવિત્રતા જળવાઇ–તે માત્ર સરસ્વતીચંદ્રની ઇચ્છા ને બળને જ લીધે હતું એમ તે માનતી હતી, અને ગિરશૃંગ ઉપર જે ચાર કઠણ રાત્રિ પોતે ત્હેની જોડે ગાળી હતી, તેના અનુભવ ઉપરથી તે ખાત્રીપૂર્વક કહી શકતી હતી, કે જો કુસુમને પણ સ્વતંત્ર–સ્પર્શદોષરહિત રહેવું હશે, તો તે ત્હેને તેમ રાખી શકશે.

૩. કુમુદ એ પ્રમાણે પવિત્ર રહેલી તે વાત કુસુમ માને છે, પણ તેમ થવાનું કારણ ત્હેના અભિપ્રાય મુજબ કુમુદનું પોતાનું નૈતિક બળ, સરસ્વતીચંદ્રનું નહિ.

૪. કુસુમ પોતાના અભિપ્રાયને એટલી મજબુત રીતે વળગી રહેલી કે જેથી ત્હેણે કુમુદને માત્ર કંટાળો ખાઈને પણ પોતાના સંભાષણનો આ ભાગ અટકાવવાની ફરજ પાડેલી.

હું ધારૂં છું, કે મોહ–લાલચ–અને નૈતિક અશક્તિ સંબંધે ત્હમારા વિચારો આનાથી આગળ તો નહિ જ ગયા હોય. હવે જો પોતાની ઇચ્છાને તાબે થઈ કુસુમ લગ્ન કરે, તો કુમુદ પોતાની જીંદગીનો બાકીનો ભાગ કેમ ગાળવા માગે છે? પોતે જે યાદી બનાવી કાઢે છે તેમાં સરસ્વતીચંદ્રથી બને તેટલા દૂરના પ્રદેશોમાં પોતે રહેવા માગે છે, પોતાનાથી બને તેટલાં કલ્યાણકારી કામો કરવામાં પોતાની જીંદગીનું સાર્થક માને છે, અને માત્ર દૂર રહ્યે રહ્યે, નાયકના સ્વપ્નોનું ફળ જોઇ ત્હેમાં પોતાનું શ્રેય થએલું માને છે. પહેલા ભાગના પાના ૩૩૦–૩૩૧ પર જે કાગળ આપ્યા છે તેમાં જે કવિતા લખી છે, તે વખતથી જ આવી જાતનું દૂર રહ્યે રહ્યે અનુભવવાનું સુખ પ્રાપ્ત કરવાની ત્હેની અભિલાષા

હતી. પ્રયાગ આગળ યમુનાનું મુખ અને દરીઆ પાસે ગંગાનું ત્રિકોણાકાર મુખ એ બે વચ્ચે જેટલું ને જેવું છેટું રહે છે, તેવા સલામતી ભરેલા છેટાથી સરસ્વતીચંદ્ર અને કુસુમના સંયુક્ત કાર્ય તરફ પત્ર વગેરે લખી દૃષ્ટિ કરવા કુમુદની ઈચ્છા છે. આ ઉત્તેજનને સૂચના કુસુમ–ગંગા–જે કે સીધી રીતે રત્નાકર એટલે સરસ્વતીચંદ્ર જોડે જોડાએલી છે–ત્હેની મારફતે દૃષ્ટિગોચર કરવાં, આ પ્રમાણે પ્રયાગ પાસેથી ગંગાને જે મળે તે પોતાના પોષાયલા આત્મા વડે–પોતાના એક અંગ તરીકે ત્હેણે સાગરને સોંપવું. એ ત્હેની ગોઠવણ હતી. પૃષ્ઠ ૮૩૫ (? ૮૩૩) ની શરૂઆતમાં કુમુદ તે વાત સૂચવે છે અને પૃષ્ઠ ૮૩૮ (? ૬૩૭) ઉપર ચંદ્રાવલી ત્હેનો એ નિર્ણય થોડા પણ ચોખ્ખા શબ્દોમાં સરસ્વતીચંદ્રને કહી સંભાળાવે છે. ત્હેની જોડે સ્હેજસ્હાજ પણ સંસર્ગ રાખવાનો કુમુદનો જે વિચાર હતો તે પોતે કુસુમને દીલાસો આપતાં જણાવે છે, કે મુંબઈ કોઈ કોઇ વખત આવી પોતે ત્હેને મળી જશે, પૃ. ૮૪૩ (? ૮૪૧) તથા કુસુમને કહે છે કે સરસ્વતીચંદ્રની હૃદયપૂજા કરતી વખતે ત્હારી પરોક્ષ બ્હેનને સ્મરતી રહેજે અને ત્હેની આરતી કરતી વખતે કુમુદને માત્ર ઘંટા પેઠે પોતાના હૃદયમાં વગાડતી રહેજે પૃ. ૮૪૪ (?૮૪૨) કુમુદ એક વરસ પછી કુસુમને મળવા જાય છે પૃ. ૮૪૯ (? ૮૪૭) અને કાંઇક આકસ્મિક રીતે કુસુમ આરતી ઉતારે છે ત્યાં આવી ચ્હડે છે. આ પ્રકરણો લખતી વખતે મ્હારી આંખો આંસુથી ઉભરાઇ જતી હતી, અને હજુ આજે પણ મ્હારી કલ્પના વડે ઉત્પન્ન કરેલી એ મ્હારી પુત્રીઓની ઉચ્ચ ભાવનાને માટે આર્દ્રતા શિવાય એ ભાગ મ્હારાથી વાંચી શકાતો નથી. મ્હારા પુત્ર સરસ્વતીચંદ્ર તથા એ બંને બ્હેનોને સંબંધે મ્હારી નવલકથાનો જે છેડો મ્હેં આણ્યો છે, તે સાધારણ સંસારવ્યવહારમાં દેખાતી સ્થિતિ તરીકે ઘણો વખત નહિ લેખાય. આવા ઉચ્ચ આત્માઓ કે જેઓ સાધારણ મનુષ્ય રૂપી કીડાઓની માફક દુનીઆદારીની માટીનો હમેશનો ખોરાક ખાધા વગર જીવી શકે એટલું જ નહિ પણ સુખી થઇ શકે, તેવા આ દુનીઆમાં

કદાચિત જ મળી આવે છે. આ કાલ્પનિક પાત્રોમાંથી પડતો પ્રકાશ મ્હારા દેશ બંધુઓને તેજસ્વી બનાવે, અને તેઓ ત્હેના વડે આપણા દેશનું ભલું કરનારા ફિરસ્તાઓની જગા લે, એ જ મ્હારી ઇચ્છા છે, અને મ્હને લાગે છે, કે ત્હેમાં મ્હારે નિરાશ થવું નહિ પડે.

ત્હમારૂં કહેવું છે કે કાંતો કુસુમને માટે કોઈ એક પતિ પેદા કરી શકાત યા તો ત્હેને સેવિકા બનાવી શકાત. આવી જાતની સેવિકા (Sister of Mercy) માટે હાલની સ્થિતિ જ્યાંસુધી આપણા દેશમાં ચાલે છે ત્યાં સુધી બિલકુલ જગા નથી. આપણી સ્ત્રીઓથી એકલાં આ કામ થઈ શકે એમ નથી. ત્હેમને એ કામમાં કોઇ બીજા પ્રકારની મદદ મળી શકે એમ નથી, એટલું જ નહિ બીચારી રમાબાઈની માફક સંસારમાંથી પણ ત્હેમને નીકળી જવું પડે એમ લાગે છે. પુણામાં હાલ જે સંસ્થા ચલાવે છે, ત્હેના ઉમદા કાર્યમાં ત્હેને બહારના મીશનરીઓ મદદ કરે છે. આપણી વિધવાઓને માટે જે કાર્ય આજે આવું અસં-ભવિત લાગે છે, તે કામ અગર જો કે ભવિષ્યમાં ત્હમે કહો છો તેવી કુમારિકાનો વર્ગ નીકળે અને હિંદુ સંસાર ત્હેને ટકવા દે ત્હેને વધારે અસંભવિત થઈ પડે. કદી તકરારની ખાતર એમ ધારો, કે એવી કોઇ કુંવારી સેવિકા પોતાનું ધાર્યું કામ પાર પાડે, તો પણ આ જીંદગીમાં કરવાનાં શુભ કાર્યોનું જે કાંઇ લક્ષણ ત્હેના મન ઉપર ઠસાવવામાં આવે, તે કુમુદે પોતાનાં અને સરસ્વતીચંદ્રનાં સ્વપ્ન તથા સંભાષણોમાંથી ઉદ્ભવેલા કાર્યની મહત્તા તથા ખરાં સ્વરૂપ જે તેના મન ઉપર ઠસાવેલાં ત્હેના કરતાં ભાગ્યેજ ચઢીઆતું હોઈ શકે. પૃ. ૭૨૬ (૭૨૪) મા પાના ઉપર જ્યારે સરસ્વતીચંદ્ર લોકકલ્યાણના મહત્ કાર્યમાં પ્રવૃત્ત થશે, ત્યારે પોતે એક માતા તથા એક ભાર્યા તરીકે ત્હેની તજવીજમાં કેવી રીતે રહેશે, તે કુમુદે જણાવ્યું છે. વળી પૃ. ૭૩૩ (૭૩૧) પાના પર પોતાના પુરૂષ વિદ્વાનો તથા ત્હેમની સ્ત્રીઓના સંબંધમાં પોતાની સંસ્થાનું વર્ણન કરતાં એ કહે છે કે એવા પુરૂષોની સ્ત્રીઓનું કલ્યાણ કરવા ગુણસુંદરીની પુત્રીની

જ જરૂર છે. વળી આગળ ચાલતાં પૃ. ૭૩૪–૩૫ (૭૩૨–૩૩) એ કામ સાધ્વીઓ-જેને તમે "સીસ્ટર્સ ઑફ મર્સી" કહો છો, તેમનાથી કેમ ન થઈ શકે તે એ બતાવે છે, અને એવા કામ માટે જેવું હેના અને કુમુદ વચ્ચે સ્નેહ સંલગ્ન થયું હતું તેવા સંલગ્ન પામેલા જોડાની જરૂર છે તે પણ દર્શાવે છે. આખાં કુટુંબ ને કુટુંબનાં જીવનો સુખમય તથા ઉચ્ચત્તર બનાવવા એનો સંકલ્પ હતો પૃ. ૭૩૬–૩૯ (૭૩૪-૩૭) તથા પૃ. ૭૪૫–૪૬ (૭૪૪–૪૫) મ્હારા નાયકના મહા યજ્ઞમાં મ્હારે એક સાથીની જરૂર હતી. અને આવો સાથી થવા માટે સંસારી મુશ્કેલીઓ, કે જે બાબત કુમુદ સમજતી હતી, તેને લીધે કુમુદ અયોગ્ય ગણાય એમ હતું. ત્યારે પછી મ્હને એમ લાગ્યું, કે સ્ત્રીના હૃદયની ખરી આર્દ્રતા તો એજ કહેવાય, કે જેના વડે એવી બધી બાબતો પોતાની બ્હેન (જે પણ પોતાની માતા ગુણસુંદરીની એક પુત્રી જ હતી, અને જેવી એક પુત્રી સરસ્વતીચંદ્રને જોઇતી પણ હતી) અને પોતાના કરતાં વધારે ઉચ્ચ ગુણવાળી, તેને હ્હેની સહચારિણી બનાવવા ઉપર પોતાનું લક્ષ મ્હોંટાડે. કુસુમનાં સગાંને હ્હેને માટે એક પતિ મેળવવાની જે જરૂર હતી તે તો માત્ર એક ગૌણ અને આકસ્મિક અંશ તરીકે દાખલ કરી છે. મ્હારે ખરેખરી જરૂર મ્હારા નાયક અને હ્હેના કામ માટે એક પત્નીની હતી, અને તે જગા હ્હેને લાયક યોગ્યતા અને મનની સ્વતંત્રતા સાથે રમતીઆળ, કદી પણ ગુંચવાય નહિ તેવી અને નિઃસ્વાર્થી કુસુમ જેવી સ્ત્રી જેનામાં કુદરતી ઉચ્ચ ગુણ, સારી કેળવણી અને વંશપરંપરાથી ઉતરી આવેલી બુદ્ધિ હતાં, હ્હેના સિવાય બીજી કોઈ લઈ શકે તેમ હતું નહિ. કુમુદ એકલી જ આ વાત સમજતી હતી, અને યોગ વિદ્યાવડે હ્હેનામાં જે ફેરફાર થઈ ગયા હતા તેના બળથી જે મહાયજ્ઞ લોકકલ્યાણ અર્થે અપૂર્વ શ્રેયસ્કર તથા મહાન નીવડવાનો હતો, હ્હેને પુરેપુરો ફતેહમંદ બનાવવાને સહચારિણી જોઇએ તે મેળવી આપવા પોતાને અધિકાર હતો એમ તે સમજતી હતી. પોતે જે નવી પવિત્ર જીંદગી અનુભવવા માંડી હતી હ્હેનો આશય પરિપૂર્ણ કરવા એ અધિકાર

વાપરવો, એમાં જ તે પોતાને સુખ પ્રાપ્ત થયું સમજતી હતી. ત્હેની આ ભાવના પોતે સમજી ગયેલો હોવાને લીધે જ કુમુદ સિવાય કોઈ બીજા જોડે યોગ ન કરવાનો પોતાનો પહેલો નિશ્ચય ફેરવતાં સરસ્વતીચંદ્રને જે ડંખ લાગ્યો હતો તે તેથી શમી ગયેલો. વાચકવર્ગને આવું પરિણામ જોઇ ગુસ્સો છૂટશે, (કે જે વાત તમે તમારા પત્રમાં લખી છે) તેને મળતી આવતી કાંઈક લાગણીથી ચંદ્રકાંતે કુમુદ સરસ્વતીચંદ્રને છોડી દે યા સરસ્વતીચંદ્ર કુમુદને છોડી દે તે સામે વાંધો કાઢેલો, પણ એણે પણ ત્હેમનાં સ્વપ્નનું ખરૂં રહસ્ય જાણેલું, તેથી એ પણ કુમુદના નિર્ણયને તાબે થયો અને સરસ્વતીચંદ્રને પણ વગર બડબડાટે તેમ કરવા સલાહ આપી.

હું ધારૂં છું હવે આપણા સઘળા પ્રશ્નો અહિં ખલાસ થાય છે. આવી રીતે મ્હારા વિચારો પત્રદ્વારા ત્હમને જણાવવા મ્હને પ્રસંગ આવ્યો, તેથી હું રાજી થયો છું, કારણ એ વિષય બાજાને પણ ઉપયોગી થઈ પડશે. મધુરી નામ ગુજરાતથી ત્હમે સિંધ લઇ જવાના છો તે જાણી હું રાજી થયો છું. મ્હારા સાધુઓએ એ નામ આપેલું છે, અને મ્હને ખાત્રી છે, કે તમે પણ એના જેવી એક મધુરી અને પવિત્ર સ્ત્રીને એ નામ આપશો.

તમારો સ્નેહી,

ગોવર્ધનરામ. મા. ત્રિપાઠી.

તા. ક. પહેલા, ત્રીજા ને ચોથા ભાગની પ્રસ્તાવના આ ચોપડીઓ સંબંધે વિશેષ ખુલાસો કરે છે.

ગો. મા. ત્રિપાઠી.

ખાસ સૂચના.

" વિચાર-પુષ્પ-માલા "

માસિક કે ત્રિમાસિક ચોપાનિયું નથી, પરંતુ જુદા જુદા વિદ્વાન્ લેખકોથી લખાતી સંગીન પુસ્તક-શ્રેણિ છે. દર વર્ષે આવાં ચાર અથવા તેથી વધારે પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે. વાર્ષિક લવાજમ પોસ્ટેજ સુદ્ધાં માત્ર ૧ રૂપિયો છે. વાર્ષિક ગ્રાહક ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષની મધ્યમાં ગ્રાહક થનારને પણ પાછળનાં પુસ્તકો પૂરાં પાડવામાં આવે છે.

નીચેનાં પુસ્તકો બહાર પડી ચૂક્યાં છે.

પ્રથમ વર્ષ.

પુ. ૧ લું. ધર્મનો જય. મૂલ્ય ૩ આના.
[**લેખક**—રા. કૌશિકરામ વિ. મહેતા, બી. એ.]

પુ. ૨ જું. નવા યુગનાં જુવાન, સ્ત્રી, પુરૂષ. મૂલ્ય ૩ આના.
[**લેખકો**—રા. કૌશિકરામ વિ. મહેતા, બી. એ.
રા. નૃ. ભ. વિભાકર, બૅરિસ્ટર-ઍટ-લૉ.
રા. મહારાણીશંકર શર્મા.]

પુ. ૩ જું. ક્રાઈસ્ટનું અનુકરણ. મૂલ્ય ૪ આના.
[**ભાષાન્તર કર્તા**—રા. છગનલાલ હ. પંડ્યા, બી. એ.]

પુ. ૪ થું. બે પ્રેમકથા. મૂલ્ય ૩ આના.
[**લેખક**—રા. ચંદ્રશંકર પંડ્યા, બી. એ., એલએલ. બી.]

દ્વિતીય વર્ષ.

પુ. ૫ મું. સમાજ. મૂલ્ય ૬ આના.
[**મૂળ લેખક**—સર રવીન્દ્રનાથ ટાગોર.
[**ભાષાન્તરકાર**-રા. મહારાણીશંકર શર્મા.]

પુ. ૬ ઠું. ક્રાઈસ્ટનું અનુકરણ, દ્વિતીય ભાગ. મૂલ્ય ૪ આના.
[**ભાષાન્તરકાર**-રા. છગનલાલ હ. પંડ્યા, બી. એ.]

પુ. ૭ મું. " કુસુમ " અને " કુમુદ " મૂલ્ય ૬ આના.
[**પ્રથમ ભાગના લેખક**-રા. છોટાલાલ રણછોડ દત્તભટ્ટ.
[**બીજા ભાગના ભાષાન્તરકાર**-રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલએલ. બી.]

સર્વ પત્રવ્યવહાર નીચેને શિરનામે કરો—

નૃ. ભ. વિભાકર.
પ્રકાશક, " વિચાર-પુષ્પ-માલા, "
ગિરગામ, મુંબઈ.